


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 266
Dt.: 07-06-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પર ફોકસ

## વૈશ્વિક મહાસંકટ વચ્ચે મોદીની ઈકોનોમિક કાઉન્સિલ સાથે હાઈ-લેવલ બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આખી દુનિયા અત્યારે ભારે આર્થિક અસ્થિરતા અને ભૌગોલિક-રાજકીય તણાવમાંથી પસાર થઈ રહી છે. ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારો ડગમગી રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આર્થિક સલાહકાર સમિતિ (PM-EAC) સાથે એક મહત્વની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની આર્થિક ગતિને કેવી રીતે જાળવી રાખવી અને બાહ્ય આંચકાઓ સામે દેશને કેવી રીતે મજબૂત કરવો તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બેઠકમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની ભારત અને વિશ્વના અર્થતંત્ર પર શું અસરો પડી શકે છે તેનું ઊંડું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ ભૌગોલિક-રાજકીય અસ્થિરતાને કારણે નીચે મુજબના મુખ્ય ક્ષેત્રો પર જોખમ તોળાઈ રહ્યું છેઃ

એનર્જી માર્કેટઃ તેલ અને ગેસના સપ્લાય નેટવર્ક પર ભારે દબાણ.

સપ્લાય ચેઈનઃ વૈશ્વિક માલસામાનની હેરફેરમાં અવરોધો.

મોંઘવારીઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવો વધવાનું જોખમ.

વૈશ્વિક વેપારઃ આંતરરાષ્ટ્રીય વ્યાપારી માર્ગો પ્રભાવિત થવાની આશંકા.

ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ઈંધણ વિદેશથી આયાત કરતો દેશ હોવાથી સરકાર આ ક્ષેત્રમાં ઉર્જા પુરવઠાની અનિશ્ચિતતા પર ખૂબ જ બારીકાઈથી નજર રાખી રહી છે.



આ આર્થિક ચર્ચાઓ એવા સમયે થઈ રહી છે જ્યારે વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જ વિશ્વ સામે આવી રહેલા અભૂતપૂર્વ પડકારો વિશે મોટી ચેતવણી આપી છે. ગઈકાલે શુક્રવારે સુરતમાં વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે એક સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને વર્તમાન દાયકાને "આફતોનો દાયકો" ગણાવ્યો હતો. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં વૈશ્વિક કટોકટીઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ વર્તમાન દાયકો વધુને વધુ આફતોનો દાયકો બની રહ્યો છે, જે કોવિડ-૧૯ મહામારી અને સશસ્ત્ર સંઘર્ષોથી લઈને ઉર્જા બજારો અને સપ્લાય ચેઈનમાં ભંગાણ સુધીની શ્રેણીબદ્ધ વૈશ્વિક કટોકટીઓ દ્વારા ચિહ્નિત થયેલ છે. વૈશ્વિક સ્તરે બળતણના ભાવોમાં અસ્થિરતા અને ઉર્જા પુરવઠા નેટવર્ક પરનું દબાણ વિશ્વભરના અર્થતંત્રોને પ્રભાવિત કરી રહ્યું છે. પીએમ મોદીએ ઉમેર્યું કે આ તમામ પડકારો છતાં, ભારતે અદભુત સ્થિતિસ્થાપકતા દર્શાવી છે અને વિકાસલક્ષી નીતિઓ ચાલુ રાખી છે. તેમણે ઉર્જા અને મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સ્વનિર્ભરતા પર ભાર મૂકતા કહ્યું કે બાહ્ય જોખમો ઘટાડવા માટે આત્મનિર્ભર બનવું જ પડશે. ભારત લાંબા ગાળાની આર્થિક સુરક્ષા માટે ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ન્યુક્લિયર પાવર અને સ્થાનિક ઉત્પાદનમાં મોટું રોકાણ કરી રહ્યું છે. આ બેઠકમાં દેશની અંદર આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રોકાણને ટેકો આપવા અને પ્રોડક્ટિવિટી વધારવા પર પણ ચર્ચા થઈ હતી. સામાન્ય નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવા અને ઉદ્યોગો માટે વેપાર સરળ બનાવવાના કાયદાકીય સુધારાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં સરકારી નિયમોના બોજને ઘટાડવા અને સર્વિસ ડિલિવરી સુધારવા પર સહમતી સધાઈ હતી.

ઝેલેન્સ્કી ઈમાનદાર ન લાગ્યાઃ પુતિન

## પુતિને યુદ્ધ ખતમ કરવા શાંતિ મંત્રણાનો પ્રસ્તાવ ફગાવ્યો

### રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શુક્રવારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીના બેઠકના પ્રસ્તાવને નકારી કાઢ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી દ્વારા આપવામાં આવેલા સીધી મુલાકાતના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. પોતાના વતન સેન્ટ પીટર્સબર્ગમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય આર્થિક મંચ દરમિયાન પુતિને જણાવ્યું કે હાલનું વાતાવરણ બંને દેશોના નેતાઓ વચ્ચે અર્થપૂર્ણ બેઠક માટે અનુકૂળ નથી.

ઝેલેન્સકીના ખુલ્લા પત્રનો ઉલ્લેખ કરતાં પુતિને પ્રશ્ન કર્યો કે શું આ પ્રકારની પહેલ ખરેખર વ્યક્તિગત મુલાકાત અને વાતચીત માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ છે કે પછી એવું વાતાવરણ સર્જવાનો પ્રયાસ છે જે કોઈપણ પ્રકારની સીધી મુલાકાતને અશક્ય બનાવી દે. તેમણે કહ્યું કે તેમની દૃષ્ટિએ બીજી શક્યતા વધુ યોગ્ય લાગે છે. પુતિને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હાલમાં આવી બેઠકમાં તેમને કોઈ અર્થ કે ફાયદો દેખાતો નથી.

રશિયાના રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું કે તેમનો દેશ હજુ પણ શાંતિપૂર્ણ સમાધાન માટે તૈયાર છે. તેમના જણાવ્યા અનુસાર મોસ્કો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલા શાંતિ પ્રસ્તાવના આધારે યુક્રેન સાથે કરાર કરવા ઈચ્છુક છે, પરંતુ તે માટે કિવને કેટલાક સમાધાનો સ્વીકારવા પડશે. પુતિને દાવો કર્યો કે રશિયન સૈન્ય યુદ્ધના મેદાનમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવામાં સફળ રહ્યું છે અને દેશ પોતાના વ્યૂહાત્મક લક્ષ્યો હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. પુતિને કહ્યું કે યુક્રેન તરફથી વધતા ડ્રોન હુમલાઓને ધ્યાનમાં રાખીને રશિયા પોતાની હવાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી રહ્યું છે. તેમણે રશિયન જનતાની દેશભક્તિ અને મજબૂત ઈચ્છાશક્તિ પર વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું કે આ જ શક્તિ દેશને તેના લક્ષ્યો સુધી પહોંચાડશે. બીજી તરફ, ઝેલેન્સકીએ સંપૂર્ણ યુદ્ધવિરામ અને સીધી વાટાઘાટોની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. પોતાના પત્રમાં તેમણે લખ્યું છે કે યુક્રેન અને રશિયા વચ્ચે સીધી વાતચીત દ્વારા જ આ યુદ્ધનો અંત લાવી શકાય છે. તેમણે પુતિનને વ્યક્તિગત બેઠક માટે આમંત્રણ આપતાં જણાવ્યું કે બંને દેશોના નેતાઓ વચ્ચે ખુલ્લો સંવાદ શાંતિ સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ કાર્યાલયે પણ આ પત્ર મળ્યાની પુષ્ટિ કરી છે. પત્રકારો સાથેની ચર્ચા દરમિયાન પુતિને ગયા વર્ષે અલાસ્કાના એન્કોરેજ શહેરમાં ટ્રમ્પ સાથે થયેલી શિખર બેઠકનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે રશિયા તે ચર્ચાઓના આધારે શાંતિ કરાર કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે તે બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સમાધાનની શક્યતાઓ અંગે ચર્ચા થઈ હતી અને જો યુક્રેન પણ આ શરતો સ્વીકારી લે તો બંને દેશો વચ્ચેનો સંઘર્ષ ઝડપથી સમાપ્ત થઈ શકે છે. આ નિવેદનો બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર રશિયા-યુક્રેન યુદ્ધના ભવિષ્ય અંગે ચર્ચાઓ તેજ બની છે. નિષ્ણાતોનું માનવું છે કે બંને દેશો વચ્ચે સીધી વાટાઘાટો અને પરસ્પર સમાધાનનો માર્ગ અપનાવવામાં આવે તો લાંબા સમયથી ચાલી રહેલા આ સંઘર્ષનો શાંતિપૂર્ણ અંત આવી શકે છે.

ભિંડરાનવાલેના પોસ્ટર લહેરાવાયા

## પંજાબના સુવર્ણ મંદિરમાં ખાલિસ્તાન જિંદાબાદના સૂત્રોચ્ચારથી હોબાળો

### કેટલાક લોકોના હાથમાં જરનૈલ સિંહ ભિંડરાનવાલેના પોસ્ટરો હતા અને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ સંભળાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબના ઈતિહાસમાં ૬ જૂનની તારીખ ખૂબ જ મહત્ત્વની માનવામાં આવે છે, કારણ કે આ એ જ દિવસ છે જેણે દેશની રાજનીતિ, શીખ સમાજ અને સુરક્ષા વ્યવસ્થાને એક નવો વળાંક આપ્યો હતો. ઓપરેશન બ્લુ સ્ટારની ૪૨મી વરસી નિમિત્તે અમૃતસરના પવિત્ર સુવર્ણ મંદિરમાં ફરી એકવાર જૂની યાદો તાજી થતી જોવા મળી હતી. અહીં શ્રી અકાલ તખ્ત સાહિબ નજીક મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા, જેમાંથી કેટલાક લોકોના હાથમાં જરનૈલ સિંહ ભિંડરાનવાલેના પોસ્ટરો હતા અને વાતાવરણમાં ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ સંભળાયા હતા. આ મુદ્દો આજે પણ લોકોની ધાર્મિક લાગણીઓ અને રાજકારણ સાથે જોડાયેલો હોવાથી અહીંનો માહોલ ઘણો નાજુક બની ગયો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પંજાબ પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ સુવર્ણ મંદિરની આસપાસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે, આ દરમિયાન વાતાવરણમાં થોડો તણાવ જરૂર જોવા મળ્યો હતો, પરંતુ સ્થિતિ સંપૂર્ણપણે અંકુશમાં રહી હતી. ઓપરેશન બ્લુ સ્ટાર ભારતીય ઈતિહાસનું એક એવું પ્રકરણ છે, જેના પર આજે ૪૨ વર્ષ પછી પણ ચર્ચા કે વિવાદો શાંત થયા નથી. દેશનો એક પક્ષ તેને આતંકવાદ અને અલગતાવાદ વિરુદ્ધ લેવાયેલું એક જરૂરી સૈન્ય પગલું માને છે, જ્યારે બીજો પક્ષ તેને શીખ સમુદાયની ધાર્મિક ભાવનાઓ પર આઘાત તરીકે જુએ છે. આ જ કારણે દર વર્ષે ૬ જૂને અમૃતસરમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે અને ભિંડરાનવાલેને યાદ કરે છે. આ વખતે પણ કેટલાય સંગઠનો દ્વારા વિશેષ અરદાસ (પ્રાર્થના) કરવામાં આવી હતી. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે ૧૯૮૪ની સૈન્ય કાર્યવાહીએ આખા શીખ સમાજને ઊંડી પીડા આપી હતી. સોશિયલ મીડિયા પર પણ આ ઘટનાના નારેબાજી અને પોસ્ટરોવાળા વીડિયો ભારે વાઈરલ થઈ રહ્યા છે.

વાસ્તવમાં ઓપરેશન બ્લુ સ્ટાર ૧ જૂનથી ૮ જૂન ૧૯૮૪ દરમિયાન ચલાવવામાં આવ્યું હતું. તત્કાલીન પીએમ ઈન્દિરા ગાંધીના આદેશ પર ભારતીય સેનાએ સુવર્ણ મંદિર પરિસરમાં આ મોટી કાર્યવાહી કરી હતી. સેનાનો મુખ્ય હેતુ જરનૈલ સિંહ ભિંડરાનવાલે અને તેના હથિયારધારી સમર્થકોને મંદિરની બહાર કાઢવાનો કે પકડવાનો હતો. આ ઓપરેશન દરમિયાન બંને તરફથી ભારે ગોળીબાર થયો હતો અને ૬ જૂન ૧૯૮૪ના રોજ ભિંડરાનવાલે માર્યો ગયો હતો. બરાબર આ જ કારણે દર વર્ષે ૬ જૂને તેની વરસી નિમિત્તે પ્રાર્થના કરવામાં આવે છે.

## પંજાબના ફિરોઝપુરમાં દર્દનાક અકસ્માતઃ પિકઅપ અને ટ્રક વચ્ચે ટક્કરમાં ૮ના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ફિરોઝપુર

પંજાબના ફિરોઝપુરમાં ફાઝિલ્કા રોડ પર આજે વહેલી સવારે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. જંગા વાળા વળાંક નજીક એક પિકઅપ ગાડી અને ટ્રક વચ્ચે થયેલી સામસામે ભીષણ ટક્કરમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત એટલો ભયાનક હતો કે પિકઅપ ગાડીનો કુરચો બોલી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ પિકઅપ ગાડીમાં સવાર તમામ લોકો એક જ પરિવાર અને સગા-સંબંધીઓ હતા. તેઓ પરિવારના એક મૃતક સભ્યની અસ્થિઓ વિસર્જન કરવા માટે જલાલાબાદથી અમૃતસરના બિયાસ તરફ જઈ રહ્યા હતા. ગાડી જ્યારે જંગા વાળા વળાંક પાસે પહોંચી, ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી. પિકઅપ ગાડીમાં સવાર અંશપ્રીત નામના યુવકે જણાવ્યું કે, સવારે ૩:૩૦ વાગ્યે તેઓ ઘરની બહાર અસ્થિઓ લઈને નીકળ્યા હતા. ગાડીમાં આશરે ૩૦ જેટલા લોકો સવાર હતા. રસ્તામાં એક પેટ્રોલ પંપ પરથી ઈંધણ ભરાવ્યા બાદ તેઓ જેવા જ જનગાંવ વાળા વળાંક પાસે પહોંચ્યા, ત્યારે રસ્તાની વચ્ચે ઉભેલી ટ્રક સાથે તેમની પિકઅપ ધડાકાભેર અથડાઈ પડી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ગાડી પલટી મારી ગઈ હતી.

ગવર્નરે કહ્યું- સોનું વેચ્યું નથી

## આરબીઆઈના ગોલ્ડ રિઝર્વની વેલ્યૂ અઠવાડિયામાં ૨.૧૯ અબજ ડૉલર ઘટી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંક (RBI)ના સોનાના રિઝર્વ વેલ્યૂમાં ૨ અબજ ડૉલરથી વધુનો ઘટાડો નોંધાયો છે. RBI દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના સાપ્તાહિક રિપોર્ટ અનુસાર, ૨૯મી મે, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન સોનાના રિઝર્વ વેલ્યૂમાં ૨.૧૯ અબજ ડૉલરનો ઘટાડો દર્શાવવામાં આવ્યો છે. ગોલ્ડ રિઝર્વના વેલ્યૂમાં થયેલા આ મોટા ઘટાડાને પગલે બજારમાં એવી અટકળો શરૂ થઈ હતી કે મધ્યસ્થ બેંકે સોનું વેચ્યું હશે, પરંતુ RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આ તમામ અટકળોને નકારી કાઢી છે. અહેવાલો અનુસાર, શુક્રવારે (પાંચમી જૂન) નાણાકીય નીતિની જાહેરાત બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'RBIએ સોનું વેચ્યું હોવાના અહેવાલો આધારહીન છે. સેન્ટ્રલ બેંકનું ગોલ્ડ રિઝર્વ યથાવત્ છે, એટલું જ નહીં, તેમાં થોડો વધારો પણ થયો છે.'રિઝર્વ બેંકે વિગતવાર સ્પષ્ટતા કરી છે કે સોનાના ભંડારના મૂલ્યમાં આ ઘટાડો સોનાના વેચાણને કારણે નહીં, પરંતુ ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમતોમાં થતાં ફેરફાર(વેલ્યુએશન લોસ)ના કારણે થયો છે. સોનાના ભંડારનો હિસાબ યુએસ ડૉલરમાં રાખવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારના ભાવોના આધારે તેનું સાપ્તાહિક ધોરણે પુનઃમૂલ્યાંકન થાય છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં આવતી વધઘટ અને ચલણની હિલચાલને લીધે રિપોર્ટમાં મૂલ્ય ઓછું દેખાઈ શકે છે, ભલે બેંક પાસે રહેલા સોનાના વાસ્તવિક જથ્થામાં કોઈ ફેરફાર ન થયો હોય. અગાઉ 'બ્લૂમબર્ગ ઈકોનોમિક્સ'ના એક વિશ્લેષણમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૨૨મી મેના રોજ પૂરા થયેલા બે અઠવાડિયાના ગાળામાં ભારતે રૂપિયાને ટેકો આપવા અથવા વિદેશી હૂંડિયામણ મજબૂત કરવા આશરે ૧૨ અબજ ડૉલરનું સોનું વેચ્યું હોઈ શકે છે. RBIએ આ વિશ્લેષણને ખોટું ગણાવી ફગાવી દીધું છે અને ઉમેર્યું છે કે 'ભંડારના મૂલ્યની વધઘટને વાસ્તવિક જથ્થાના ઘટાડા સાથે સરખાવવી જોઈએ નહીં. હાલના સોનાનો ભંડાર ૮૮૦.૫૨ ટનના સ્તરે યથાવત્ છે.' સોનાના મૂલ્યમાં ઘટાડો થયો હોવા છતાં, દેશની એકંદર રિઝર્વ સ્થિતિ મજબૂત રહી છે.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન ભારતની ફોરેન કરન્સી એસેટ્સ (FCA) (જે વિદેશી હૂંડિયામણનો સૌથી મોટો હિસ્સો છે) તે ૩.૧૨ અબજ ડૉલર વધીને ૫૪૬.૧૫ અબજ ડૉલર પર પહોંચી ગઈ છે. આ વધારાએ દેશની આર્થિક સ્થિતિને વધુ સ્થિરતા પ્રદાન કરી છે.




## શાંતિ વાટાઘાટો અટકી! ઈરાને અમેરિકા પાસે માંગ્યા ૨૪ અબજ ડૉલર

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ભારે અશાંતિ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચેની રાજકીય વાટાઘાટો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. તેહરાને સ્પષ્ટ શરત મૂકી છે કે જ્યાં સુધી અમેરિકા દ્વારા ફ્રીઝ કરાયેલા તેના અબજો ડૉલર મુક્ત કરવામાં નહીં આવે, ત્યાં સુધી કોઈ પણ પ્રકારની સમજૂતી શક્ય નથી.

ઈરાનના સર્વોચ્ચ નેતા મોહમ્મદ મોહતબા ખામેનેઈના સૈન્ય સલાહકાર મોહસેન રેઝાઈએ તેહરાનમાં ઝદ્રદ્રને આપેલા એક ઈન્ટરવ્યૂમાં મોટો ધમાકો કરતાં કહ્યું છે કે, હાલમાં આ વાટાઘાટો ગતિરોધમાં છે અને હવે નિર્ણય ટ્રમ્પે જ લેવાનો છે. ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે જ્યારે ઈરાન યુદ્ધોમાં વિજયી બનીને ઉભરી આવ્યું છે. આ આખા વિવાદના કેન્દ્રમાં ઈરાનનું ફ્રીઝ થયેલું ફંડ છે. ઈરાન માંગ કરી રહ્યું છે કે અમેરિકા તેના જપ્ત કરાયેલા ૨૪ અબજ ડૉલર તાત્કાલિક મુક્ત કરે. મોહસેન રેઝાઈએ આ રકમ મેળવવા માટેનો આખો પ્લાન રજૂ કર્યો છે. જે અનુસાર બંને દેશો વચ્ચે પ્રારંભિક કરાર પર હસ્તાક્ષર થતાં જ અમેરિકાએ ૧૨ બિલિયન ડૉલર મુક્ત કરવા પડશે. જ્યારે વાટાઘાટોના આગળના તબક્કા દરમિયાન બાકીના ૧૨ બિલિયન ડૉલર મુક્ત કરવાના રહેશે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે આ રકમ કોઈ અમેરિકાની મદદ કે છૂટછાટ નથી, પણ તેમના પોતાના જ પૈસા છે. રેઝાઈએ કહ્યું કે, જો ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે કોઈ કરાર કરવા માંગતા હોય, તો આ ૨૪ અબજ ડૉલર એ 'વિશ્વાસની અગ્નિપરીક્ષા' છે.



# તંત્રી લેખ......

## નાગરિકોનું જીવન સસ્તું છે...!!!

આત્મહત્યાનો પ્રયાસ કરવાના થોડા મિનિટ પહેલા, યુકેના ઓક્સફોર્ડમાં ૧૬ વર્ષના એક શાળાના વિદ્યાર્થીએ ફેસબુક પર લખ્યું, "હું હવે ખૂબ દૂર જઈ રહ્યો છું." જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સમાં તેના ફેસબુક મિત્રએ સંદેશ વાંચ્યો, ત્યારે તેણે તરત જ તેની માતાને જાણ કરી. તેની માતાએ તરત જ મેરીલેન્ડ પોલીસને જાણ કરી. પોલીસે વ્હાઈટ હાઉસના સ્પેશિયલ એજન્ટનો સંપર્ક કર્યો, જેમણે તાત્કાલિક વોશિંગ્ટનમાં બ્રિટિશ દૂતાવાસના અધિકારીઓનો સંપર્ક કર્યો. તેમણે બ્રિટિશ મેટ્રોપોલિટન પોલીસનો સંપર્ક કર્યો, અને થોડીવારમાં જ પોલીસે વિદ્યાર્થીનું ઘર શોધી કાઢ્યું અને તેના ઘરે પહોંચી. તેઓ અંદર પ્રવેશ્યા ત્યાં સુધીમાં વિદ્યાર્થીએ ઊંઘની ગોળીઓનો વધુ પડતો ઉપયોગ કરી લીધો હતો અને બેભાન થઈ ગયો હતો. પોલીસ અધિકારીઓ તેને થોડીવારમાં જ હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તે બચી ગયો.

ઉપરોક્ત ઘટના દર્શાવે છે કે યુરોપ અને અમેરિકામાં માનવ જીવન કેટલું મૂલ્યવાન છે, અને એજન્સીઓ ફક્ત એક જ જીવ બચાવવા માટે કેટલી હદે જાય છે. કમનસીબે, ભારતમાં મૃત્યુ માત્ર એક આંકડા છે. દિલ્હીના માલવિયા નગરમાં હોટલમાં લાગેલી આગમાં ૨૧ લોકોના મોતથી ફરી એકવાર આ વાત સાબિત થઈ છે. પ્રારંભિક તપાસમાં લગભગ દરેક આગની ઘટના પછી જે બેદરકારી સામે આવી છે તે જ બહાર આવી છે. ઉદાહરણ તરીકે, હોટેલને ફક્ત છ રૂમ બનાવવાની પરવાનગી હતી, પરંતુ ૨૫ રૂમ બનાવવામાં આવ્યા હતા. હોટેલમાં ફરજિયાત ફાયર એનઓસીનો અભાવ હતો. ઈમારતમાં ફક્ત એક જ પ્રવેશ અને બહાર નીકળવાનો દરવાજો હતો, અને કોઈ ઈમરજન્સી એક્ઝિટ નહોતો. આ અકસ્માતમાં ઘણા વિદેશીઓ પણ માર્યા ગયા હતા.

વિડંબના એ છે કે કોઈપણ અકસ્માતમાંથી કોઈ પાઠ શીખવા મળતો નથી. ગયા વર્ષે ડિસેમ્બરમાં ગોવાના એક નાઈટક્લબમાં આગ લાગી હતી, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા. તે ઘટનાને તાજેતરના વર્ષોમાં સૌથી મોટો "સિસ્ટમ નિષ્ફળતા"નો કેસ માનવામાં આવે છે. આગની મેજિસ્ટ્રેટ તપાસમાં બહાર આવ્યું છે કે ક્લબ ગેરકાયદેસર સ્થળે કાર્યરત હતું, ફાયર ર્દ્રઝનો અભાવ હતો, પૂરતા ઈમરજન્સી એક્ઝિટનો અભાવ હતો, સ્પ્રિંકલર સિસ્ટમનો અભાવ હતો અને ફાયર એલાર્મ સિસ્ટમનો પણ અભાવ હતો. આવી લગભગ દરેક આગ પછી પડઘો પાડતા આ તારણો સ્પષ્ટપણે નિયમનકારી નિષ્ફળતા દર્શાવે છે. આગની ઘટનાઓના સંદર્ભમાં, એવું કહી શકાય કે ભારતમાં આગ લાગવા કરતાં આગ ફાટી નીકળતા પહેલા બેદરકારીથી વધુ લોકો મૃત્યુ પામે છે. ઘણા કિસ્સાઓમાં, ભારતમાં મૃત્યુ એ કોઈ અસાધારણ ઘટના નથી, પરંતુ વહીવટી તંત્રનું નિયમિત પરિણામ છે. દિલ્હીના જનકપુરીમાં, એક યુવાન રસ્તા પર ખોદેલા ખાડામાં પડી ગયો. તેને કલાકો સુધી મદદ મળી ન હતી અને તેનું મૃત્યુ થયું. નોઈડામાં એક એન્જિનિયરની કાર ખુલ્લા ગટરમાં પડી ગઈ. તેનું મૃત્યુ સલામતીના પગલાં અને વહીવટી બેદરકારી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. દિલ્હીના રાજેન્દ્ર નગરમાં એક ઈમારતના ભોંયરામાં કાર્યરત કોચિંગ સેન્ટરમાં પાણી ભરાઈ ગયા બાદ ત્રણ વિદ્યાર્થીઓ ડૂબી ગયા. આવા સેંકડો ઉદાહરણો છે, પરંતુ વહીવટી નિષ્ફળતાની વાર્તા એ જ રહે છે.નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના ડેટા દર્શાવે છે કે ૨૦૧૫ થી ૨૦૨૦ દરમિયાન, ૫,૩૯૩ લોકો ખુલ્લા ખાડા અને મેનહોલમાં પડી જવાથી મૃત્યુ પામ્યા હતા. આનો અર્થ એ થયો કે, સરેરાશ, દરરોજ બે ભારતીયો સંપૂર્ણપણે અટકાવી શકાય તેવા મૃત્યુમાં મૃત્યુ પામે છે.

પ્રશ્ન એ છે કેઃ ખાડાઓ ખુલ્લા કેમ હતા અને તેમની આસપાસ જરૂરી સલામતીના પગલાં કેમ નહોતા? ભારતમાં દરેક મોટા અકસ્માત પછી, એક સેટ સ્ક્રિપ્ટ અનુસરે છેઃ તપાસનો આદેશ આપવામાં આવે છે. વળતરની જાહેરાત કરવામાં આવે છે. કેટલાક અધિકારીઓની બદલી કરવામાં આવે છે. પછી આગામી અકસ્માત થાય છે. દુઃખની વાત છે કે, ભારતમાં મૃત્યુ ઘણીવાર એક વ્યક્તિનો દોષ નથી; તે બહુવિધ સંસ્થાઓની સંયુક્ત નિષ્ફળતાનું પરિણામ છે. કોન્ટ્રાક્ટર બેદરકાર છે, વિભાગ આંખ આડા કાન કરે છે, નિરીક્ષણો ઔપચારિકતા બની જાય છે, અને રાજકીય વ્યવસ્થા ફક્ત અકસ્માત પછી જ સક્રિય બને છે. પરિણામે, નાગરિકો મૃત્યુ પામે છે, અને વ્યવસ્થા ફક્ત પ્રેસ કોન્ફરન્સ કરે છે. સ્વસ્થ લોકશાહી ફક્ત ચૂંટણીઓ દ્વારા વ્યાખ્યાયિત થતી નથી. તે તેના નાગરિકોને પૂરી પાડવામાં આવતી સુરક્ષાના સ્તર દ્વારા વ્યાખ્યાયિત થાય છે. એક એવા દેશમાં જ્યાં લોકો ખાડા, ગટર, આગ, નાસભાગ અને ખરાબ રસ્તાઓથી મરી રહ્યા છે, ત્યાં વિકાસના દાવાઓ તેમની ચમક ગુમાવી બેસે છે.

### ભારતીય કૃષિ અને સહકારીતાની ગૌરવવંતી ક્ષણઃ અમરેલી જિલ્લો સહકારી ક્ષેત્ર શિરમોર, વધુ યશકલગી

# “નાસ ઈન્ડસ્ટ્રીયટ એવોર્ડ” મેળવતા દિલીપ સંઘાણીને હાર્દિક અભિનંદન

### સંઘાણીએ રોપેલ સહકાર બીજ વટવૃક્ષ બન્યું : સફળતાના મુળમાં ભારતની પ્રભાવક સહકારી પ્રવૃત્તિ

ગુજરાતની પ્રભાવક સહકારી પ્રવૃત્તિ સમગ્ર દેશમાં કાઠું કાઢીને હવે દેશના સીમાડાઓ વટાવીને વિદેશની સહકારી પ્રવૃત્તિને માર્ગદર્શન પૂરું પાડી રહી છે. તેવા સમયે અમરેલી જિલ્લાને ગૌરવ અપાવતી અને સમગ્ર દેશની સહકારી પ્રવૃત્તિની યશકિર્તી વધારતા ઘટનાક્રમમા ભારતની ટોચની સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની દૂરંદેશી કૃષિ વિકાસ, ખેડૂત કલ્યાણ, સહકારી ચળવળ સશક્તિકરણ પ્રવૃત્તિ, સમર્પણ અને અમૂલ્ય યોગદાનના કદરરૂપે નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસ નો પ્રતિષ્ઠિત “નાસ ઈન્ડસ્ટ્રીયટ એવોર્ડ” એનાયત કરવામા આવતા સમગ્ર અમરેલી જીલ્લામાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ સન્માન ભારતીય સહકારી ક્ષેત્ર, ઈફકો પરિવાર અને દેશના કરોડો ખેડૂતો માટે ગૌરવની ક્ષણ બની છે. નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસ ના ૫-જૂનના રોજ સ્થાપના દીવસે આયોજીત વાર્ષિક સામાન્ય સભામાં એવોર્ડ પ્રદાન કરવામા આવેલ. સંઘાણી હાલ અમેરીકાના પ્રવાસે હોઈ, તેમના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત અમરેલી જીલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયાએ એવોર્ડ સ્વીકારેલ. આ તકે દેશના ગણમાન્ય સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, દિલીપ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આધુનિક કૃષિ તકનીકોનો પ્રસાર, સહકારી ક્ષેત્રનું વિસ્તરણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી સહકારી ક્ષેત્રને નવી દીશા અને ગતિ પ્રદાન કરી રહી હોવાનું અંતમાં જણાવાયેલ છે.




સંઘાણી હાલ અમેરીકાના પ્રવાસે હોય, તેમના પ્રતિનિધિ તરીકે અમરેલી જીલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયાએ એવોર્ડ સ્વીકારેલ

# મંડલ રેલવે હોસ્પિટલ, ભાવનગર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉત્સાહપૂર્વક ઉજવાયો



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન તથા રેલવે બોર્ડના પર્યાવરણ સંરક્ષણ સંબંધિત નિર્દેશો અનુસાર વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે તા. ૦૫ જૂન, ૨૦૨૬ના રોજ મંડલ રેલવે હોસ્પિટલ, ભાવનગર (DRH/BVP)ના બગીચા પરિસરમાં પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ તબીબો તથા કર્મચારીઓમાં પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ અને સ્વચ્છતા પ્રત્યે જવાબદારીની ભાવના મજબૂત બનાવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત તમામ ઉપસ્થિત કર્મચારીઓ અને તબીબો દ્વારા પર્યાવરણ સંરક્ષણની સામૂહિક પ્રતિજ્ઞા સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ભાગ લેનારાઓને ટીમ A, ટીમ B, ટીમ C અને ટીમ D એમ ચાર ટીમોમાં વહેંચી પર્યાવરણ વિષયક વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત “Carry Water Carefully Challenge”, “Waste Segregation Competition”, “Green Treasure Hunt” તથા “Environment Puzzle Challenge” જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓ દ્વારા જળ સંરક્ષણ, કચરાના યોગ્ય વિભાજન, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ, સંસાધનોના સમજદારીપૂર્વક ઉપયોગ તથા સમસ્યા-નિવારણ કૌશલ્યને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તમામ પ્રતિભાગીઓએ ઉત્સાહ, રમતગમતની ભાવના અને ટીમવર્કનું ઉત્તમ પ્રદર્શન કરતાં સ્પર્ધાઓમાં સક્રિય ભાગ લીધો હતો તથા પર્યાવરણ સંરક્ષણ સંબંધિત મહત્વપૂર્ણ સંદેશાઓને વ્યવહારિક રીતે આત્મસાત કર્યા હતા.

તમામ સ્પર્ધાઓના સંયુક્ત મૂલ્યાંકનના આધારે ડૉ. મોનિકાના નેતૃત્વ હેઠળની ટીમ D એ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને “ગ્રીન ચેમ્પિયન–૨૦૨૬”નો ખિતાબ પોતાના નામે કર્યો હતો. કાર્યક્રમના સમાપન પ્રસંગે વિજેતા ટીમને સન્માનિત કરવામાં આવી હતી.

આ આયોજન માત્ર મનોરંજન અને સહભાગિતાનું માધ્યમ જ નહોતું, પરંતુ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારી અને જનજાગૃતિને વધુ મજબૂત બનાવવામાં પણ સફળ રહ્યું હતું. કાર્યક્રમનો સમાપન આભારવિધિ અને સમૂહ ફોટોગ્રાફ સાથે કરવામાં આવ્યો હતો. “પ્રકૃતિનું રક્ષણ – માનવતાનું સંરક્ષણ”ના સંદેશ સાથે તમામ પ્રતિભાગીઓએ પર્યાવરણ સંરક્ષણ માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## પશ્ચિમ રેલવે અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવશે

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ભાડા સાથે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. તેની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નં. ૦૧૯૦૯/૦૧૯૧૦ અસારવા–આગ્રા કેન્ટ સ્પેશિયલ (કુલ ૧૬ ટ્રિપ)

ટ્રેન નં. ૦૧૯૦૯ અસારવા–આગ્રા કેન્ટ સ્પેશિયલ ૦૯ જૂનથી ૨૮ જુલાઈ, ૨૦૨૬ સુધી દર મંગળવારે અસારવાથી બપોરે ૧૫.૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૭.૪૫ વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે. તે જ રીતે ટ્રેન નં. ૦૧૯૧૦ આગ્રા કેન્ટ–અસારવા સ્પેશિયલ ૦૮ જૂનથી ૨૭ જુલાઈ, ૨૦૨૬ સુધી દર સોમવારે આગ્રા કેન્ટથી સાંજે ૧૮.૧૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૧૧.૧૦ વાગ્યે અસારવા પહોંચશે. બંને દિશામાં આ ટ્રેન હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર, સેમારી, જાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપ નગર, માવલી, ચંદેરિયા, માંડલગઢ, બુંદી, કેશોરાય પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર તથા જનરલ ક્લાસના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૧૯૦૯ માટે બુકિંગ ૦૭ જૂન ૨૦૨૬ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના રોકાણ, સમય અને કોચ રચના અંગે વધુ માહિતી માટે મુસાફરો www. enquiry. indianrail. gov.in પર મુલાકાત લઈ શકે છે.

## ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ અને વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાંથી ચાલતી/પાસાર થતી કેટલીક સ્પેશિયલ ટ્રેનો પરિચાલન કારણોસર બોરીવલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા બોરીવલી અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. તેની વિગતો નીચે મુજબ છેઃ

- તા. ૦૭.૦૬.૨૦૨૬ની ટ્રેન નં. ૦૯૦૩૮ ભુજ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ બોરીવલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.
- તા. ૦૮.૦૬.૨૦૨૬ની ટ્રેન નં. ૦૯૦૧૮ વેરાવળ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ બોરીવલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.
- તા. ૧૦.૦૬.૨૦૨૬ની ટ્રેન નં. ૦૯૦૧૨ ભુજ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ બોરીવલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.

મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે.

# નર્મદા જિલ્લા ભાજપમાં આંતરીક અસંતોષ સપાટી પરઃ જિલ્લા સંગઠન મંત્રી સુરેન્દ્ર વસાવાએ આપ્યું રાજીનામુંઃ જોડાશે આમ આદમી પાર્ટીમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લા ભાજપમાં આંતરીક અસંતોષ ખુલ્લેઆમ જોવા મળી રહ્યો છે. જિલ્લા ભાજપના સંગઠન મંત્રી સુરેન્દ્ર વસાવાએ પક્ષના તમામ હોદ્દા તેમજ પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપી દીધુ છે. તેમના આ નિર્ણયથી જિલ્લા ભાજપના રાજકારણમાં ચર્ચાનો માહોલ જામ્યો છે.



સુરેન્દ્ર વસાવાએ પોતાના રાજીનામા પાછળ સંગઠનમાં અવગણના અને કાર્યકરોના પ્રશ્નોને યોગ્ય મહત્વ ન મળવાનુ કારણ દર્શાવ્યુ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ ની કાર્યશૈલીને કારણે કાર્યકરોમાં અસંતોષ વ્યાપી રહ્યો છે. વસાવાએ એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે જો સાંસદ મનસુખ વસાવા જેવા વરીષ્ઠ નેતા સાથે પણ ગેરવર્તન થતુ હોય તો સામાન્ય કાર્યકરોની સ્થિતિ કેવી હશે.

રાજીનામા પત્રમાં તેમણે જણાવ્યુ હતુ કે તેઓ છેલ્લા ૩૦ વરસથી વધુ સમયથી ભાજપના સક્રિય કાર્યકર તરીકે પક્ષની સેવા કરી રહ્યા હતા અને સંગઠનને મજબુત બનાવવા માટે સતત કાર્યરત રહ્યા હતા. તેમ છતાં પોતાના ગામ અને વિસ્તારના પ્રશ્નોને લઈને યોગ્ય પ્રતિસાદ ન મળતા તેમણે આ પગલુ ભર્યુ હોવાનુ જણાવ્યુ છે.

સુરેન્દ્ર વસાવાના રાજીનામા બાદ નર્મદા જિલ્લા ભાજપમાં આંતરીક મતભેદ અને જુથવાદની ચર્ચાઓ વધુ તેજ બની છે. આગામી દિવસોમાં તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાય છે કે નહી અને ભાજપ તરફથી શું પ્રતિસાદ આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ — માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન : — ભાવ ૨૦ કીલો મુજબ — તારીખ મુજબ આવક માલ ભાવ — શનીવાર, ૦૬/૦૬/૨૦૨૬ | | | | |
| ૧ | મગફળી | ૧૦૮૩ | ૧,૦૫૩.૦૦ | ૨,૦૨૨.૦૦ |
| ૨ | એરંડા | ૧૨૦ | ૧,૨૯૩.૦૦ | ૧,૩૦૭.૦૦ |
| ૩ | ઘઉં | ૪૧૯ | ૪૭૦.૦૦ | ૫૩૯.૦૦ |
| ૪ | બાજરી | ૯૭૧ | ૪૩૮.૦૦ | ૪૮૦.૦૦ |
| ૫ | મકાઇ | ૧૦૮ | ૩૯૫.૦૦ | ૪૪૦.૦૦ |
| ૬ | ચણા ( કાબુલી ) | ૨૫ | ૧,૩૦૦.૦૦ | ૧,૪૩૫.૦૦ |
| ૭ | ચણા | ૨૦ | ૯૦૦.૦૦ | ૧,૦૯૬.૦૦ |
| ૮ | મગ | ૬ | ૧,૨૫૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | ગવાર | ૧૫ | ૯૧૦.૦૦ | ૧,૦૫૨.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ગામડાઓમાં નલ સે જલ યોજના માત્ર કાગળ પર



પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઘરે ઘરે પીવાનુ શુધ્ધ પાણી મળી રહે તે માટે ગુજરાત સરકારની નલ સે જલ યોજના મંજુર કરાઈ હતી. જે માટે કેટલીક ખાનગી એજન્સીઓ દ્વારા કામગીરી કરાઈ હતી. પરંતુ આજ દીન સુધી કોઈ ગામમાં આ નલ સે જલ યોજનાનુ પાણી નહી પહોચતા ગ્રામજનોમાં છુપો આક્રોશ જોવા મળી રહ્યો છે. દેવગઢ બારીયા તાલુકાના દરેક ગામડાઓમાં પાણી સમિતિ બનાવી સરપંચ તથા તલાટીની સીધી દેખરેખ હેઠળ નલ સે જલ યોજનાનુ અમલીકરણ કરવાનુ હતું. પરંતુ જિલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા દરેક ગ્રામ પંચાયતોના કામ અલગ અલગ વિસ્તારમાં ખાનગી એજન્સીઓને આપવામાં આવ્યુ હતું. જે એજન્સીઓએ ગામડાઓમાં દેખાવ પુરતુ કામ કરી અધુરી કામગીરી છોડી દીધી છે. જેને કારણે એકપણ ગામડામાં યોજના પૂર્ણ થઈ નથી. છતાં જે તે પંચાયતના તલાટી અથવા વહિવટદાર તથા સરપંચે ગામડાઓમાં તમામ ઘરોમાં પીવાનુ પાણી પહોચતુ થઈ ગયુ હોવાના ખોટા અભિપ્રાય આપીને ગ્રામ પંચાયત કચેરીમાંથી નાણાં ફાળવી દઈ સરકારને લાખો કરોડો રૂપીયાનો ચુનો ચોપડયો હોવાની ફરીયાદો ઉઠી રહી છે. મોટાભાગની ગ્રામપંચાયતો દ્વારા આ નલ સે જલ યોજનાની કામગીરીની કમ્પિલશન સર્ટીફીકેટ પણ આપી દેવાયુ હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

# વિશ્વ પર્યાવરણ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉમરગામ તાલુકાના દહેરી ખાતે વૃક્ષારોપણ કર્યું

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉમરગામ તાલુકાના દેહરી ખાતે વૃક્ષારોપણ કરી, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી, લોકોને પર્યાવરણનું જતન કરવા આહ્વવાન કર્યું હતું. એક એકરમાં દસ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવશે તંત્ર દ્વારા રાજ્યપાલશ્રીને આશ્વાસન આપવામાં આવ્યું છે



આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ગામની દીકરીઓ દ્વારા કરવામાં આવેલ વૃક્ષ જતનના સંકલ્પને બિરદાવ્યો હતો. તેમણે કહ્યું કે, ત્રણ વર્ષની મહેનત ઓક્સિજનની માત્રામાં વધારો કરશે. પક્ષીઓને ઘર આપશે. છાંયડો આપશે.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે અનેક પડકારો ઉભા થયા છે. જેનું સમાધાન વૃક્ષોનું વાવેતર અને જતન છે. વૃક્ષ દેવતા છે. તેના જતનનું ઈશ્વરીય પવિત્ર કાર્ય આત્માને સંતોષ આપશે. રાજ્યપાલશ્રીએ ગ્રામવાસીઓને આહવાન કર્યું કે, વડીલોએ જે વૃક્ષો વાવ્યા તેનો આનંદ આપણને મળ્યો, હવે આપણી જવાબદારી બને છે કે આપણી ભાવિ પેઢી માટે વૃક્ષોનું વાવેતર અને જતન કરીએ.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વૃક્ષારોપણ બાદ ગામમા સફાઈ પણ કરી હતી. સાથે સ્વછતા કર્મચારીઓનું સન્માન પણ કર્યું હતું. મહારાષ્ટ્રને અડીને આવેલા દેહરી ગામમાં સફાઈ અભિયાન દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને સ્વચ્છ બનાવવા અભિયાન શરૂ કર્યું છે, સ્વરછતા રાખવી એ પુણ્યનું કાર્ય છે. જેમાં આપણે સૌ ભાગીદાર બની, કર્તવ્ય નિભાવીએ. સ્વચ્છતા થકી સૌનું આરોગ્ય પણ સારું રહેશે. તેમણે સ્વચ્છતા માટે જાગૃતિ કેળવવા સૌ ગ્રામવાસીઓને અનુરોધ કર્યો હતો. વૃક્ષારોપણ અને સફાઈ અભિયાનમાં રાજ્યપાલશ્રી સાથે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન, કલેકટરશ્રી નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચેપલોત પણ જોડાયા હતા.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### એકતાનગરની વિશ્વસ્તરીય સુવિધાઓ, પ્રવાસન આકર્ષણો અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો માટેની ક્ષમતાની પ્રશંસા કરી

# ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવશ્રી ચંચલ કુમારે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી: સચિવશ્રીએ સરદાર સાહેબના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી

PIB Ahmedabad

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવશ્રી ચંચલ કુમારે નર્મદા જિલ્લાના વિશ્વવિખ્યાત પ્રવાસન કેન્દ્ર એકતાનગરની મુલાકાત લીધી હતી. તેઓશ્રીની આ મુલાકાતમાં સંયુક્ત સચિવશ્રી અજય નાગભૂષણ, નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રકાશ મગદુમ પણ જોડાયા હતા. મહાનુભાવોએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેબના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મુલાકાત દરમિયાન સચિવશ્રીએ જણાવ્યું હતું કે, એકતાનગર આજે માત્ર ગુજરાત કે ભારતનું જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે ઓળખ પામેલું એક અનોખું પ્રવાસન ગંતવ્ય બની ગયું છે. અહીં વિકસાવવામાં આવેલી સુવિધાઓ, કુદરતી સૌંદર્ય અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષિત કરે છે. અહીં ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ, પરિવહન વ્યવસ્થા, સ્વચ્છતા, સુરક્ષા અને મુલાકાતીઓ માટે ઉભી કરાયેલી સર્વાંગી સુવિધાઓની પ્રશંસા કરી હતી. તેઓશ્રીએ જણાવ્યું કે, વિવિધ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, શાસકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ નીતિગત કાર્યક્રમોના આયોજન માટે એકતાનગર શ્રેષ્ઠ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. અહીં ઉપલબ્ધ વિશાળ આવાસ વ્યવસ્થા, કન્વેન્શન





સુવિધાઓ, ઉત્તમ માર્ગ અને રેલ સંપર્ક, સુરક્ષા વ્યવસ્થા અને પ્રવાસન આકર્ષણો કોઈપણ મોટા કાર્યક્રમને સફળ બનાવવા માટે સક્ષમ છે.

દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના કારણે એકતાનગરને વૈશ્વિક ઓળખ પ્રાપ્ત થઈ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અહીં પ્રવાસન, પર્યાવરણ સંરક્ષણ અને સ્થાનિક વિકાસને કેન્દ્રમાં રાખીને અનેક વિશ્વસ્તરીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

એકતાનગરની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે વિવિધ પ્રકારના આકર્ષણો ઉપલબ્ધ છે, જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપરાંત સુંદર પ્રાકૃતિક અને થીમ આધારિત સ્થળોનો સમાવેશ થાય છે. નર્મદા નદીના કિનારે વિકસાવવામાં આવેલી સુવિધાઓ અને હરિયાળીથી ઘેરાયેલો વિસ્તાર પ્રવાસીઓને શાંતિ અને પ્રકૃતિ સાથે જોડાવાનો અવસર આપે છે. સચિવશ્રીએ ખાસ નોંધ્યું હતું કે, એકતાનગરમાં મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ, અધિકારીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિ ધરાવતા કાર્યક્રમો સફળતાપૂર્વક યોજી શકાય તેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીંના કન્વેન્શન સેન્ટરો, ઉત્તમ હોટલ અને ટેન્ટ સિટી વ્યવસ્થા, રેલવે અને માર્ગ સંપર્ક, ડિજિટલ કનેક્ટિવિટી, સુરક્ષા માળખું અને પ્રવાસન આકર્ષણો તેને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરના સંમેલનો, પરિષદો, વર્કશોપ, યુવા મહોત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સરકારી બેઠકો માટે આદર્શ સ્થળ બનાવે છે.

તેઓશ્રીએ ઉમેર્યું હતું કે, દેશના વિકાસ, એકતા, પર્યાવરણ સંરક્ષણ અને સાંસ્કૃતિક વારસાના સંદેશને વિશ્વ સુધી પહોંચાડવા માટે એકતાનગર એક પ્રેરણાદાયી મોડેલ તરીકે ઉભરી આવ્યું છે. અહીંની સુવ્યવસ્થિત આયોજન પદ્ધતિ, સ્વચ્છતા, પ્રવાસન સુવિધાઓ અને મુલાકાતીઓ માટેની અનુકૂળ વ્યવસ્થાઓ અન્ય સ્થળો માટે પણ માર્ગદર્શક બની શકે છે. મુલાકાતના અંતે સચિવશ્રીએ એકતાનગરના સર્વાંગી વિકાસ, પ્રવાસીઓ માટે ઉપલબ્ધ ઉત્તમ સુવિધાઓ અને અહીં કાર્યરત વિવિધ વિભાગોની કામગીરીની પ્રશંસા કરી હતી તથા એકતાનગર આગામી સમયમાં દેશના અગ્રણી પ્રવાસન અને રાષ્ટ્રીય કાર્યક્રમોના કેન્દ્ર તરીકે વધુ ઊંચાઈઓ સર કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

### ''એક વૃક્ષ માંના નામે'' અભિયાન હેઠળ પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ લેવામાં આવ્યો

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સાબરમતી લોકોશેડ તથા રેલવે હોસ્પિટલ ખાતે વ્યાપક વૃક્ષારોપણ કરવામાં આવ્યું

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં "એક વૃક્ષ માંના નામે" અભિયાન હેઠળ વિવિધ રેલવે પરિસરોમાં વ્યાપક સ્તરે વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યના સંવર્ધન અને હરિયાળા ભવિષ્યના સંકલ્પ સાથે અધિકારીઓ તથા કર્મચારીઓએ વૃક્ષારોપણ કરી તેના સંરક્ષણનો સંકલ્પ લીધો.



સાબરમતી સ્થિત લોકોમોટિવ શેડ ખાતે વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર (Sr. DME) શ્રી એસ. પી. ગુપ્તાના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સુપરવાઈઝરો, તકનીકી કર્મચારીઓ તથા અન્ય રેલકર્મીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ પ્રસંગે શ્રી ગુપ્તાએ જણાવ્યું કે વૃક્ષો માત્ર પર્યાવરણીય સંતુલન જાળવવા માટે જ નહીં, પરંતુ ભાવિ પેઢીઓના સ્વસ્થ જીવન માટે પણ અત્યંત આવશ્યક છે. તમામ કર્મચારીઓએ વાવેલા વૃક્ષોની નિયમિત દેખભાળ અને સંરક્ષણ કરવાનો સંકલ્પ લીધો.

આ જ ક્રમમાં, સાબરમતી સ્થિત મંડળ રેલવે હોસ્પિટલ ખાતે અપર મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડૉ. મનોજ દેવના નેતૃત્વમાં તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ કર્મચારીઓ તથા અન્ય કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ડૉ. દેવએ જણાવ્યું કે સ્વચ્છ હવા અને હરિયાળું પર્યાવરણ સારા સ્વાસ્થ્યનો આધારસ્તંભ છે તેમજ હોસ્પિટલ પરિસરને વધુ પર્યાવરણ અનુકૂળ બનાવવા માટે આવા પ્રયત્નો ભવિષ્યમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે મંડળના વિવિધ સ્ટેશનો, રેલવે કોલોનીઓ તેમજ ટ્રેકની બાજુઓમાં પણ નીમ, પીપળ, બરગત, ગુલમોહર અને જામુન જેવા સ્વદેશી વૃક્ષોના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. અમદાવાદ મંડળ ભારતીય રેલવેના ''નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન'' લક્ષ્યની પ્રાપ્તિ માટે સતત અને હરિત વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધ છે.

# સોઈલ હેલ્થ કાર્ડ – જમીનનો એક્સ-રે: ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં ૨.૨૩ કરોડથી વધુ ધરતીપુત્રોએ વિનામૂલ્યે સોઈલ હેલ્થ કાર્ડ કઢાવ્યા

ભાવનગરના ગારિયાધાર ગામના ખેડૂત શ્રી હિરેનભાઈ નાકરાણી પાસે ૧૨ વીઘા જમીન છે. તેઓ વર્ષોથી કપાસનો પાક વાવે છે. કપાસના પાકમાં તેઓ વર્ષે ૪૦૦ કિલો યુરિયા અને ૨૯૦ કિલો ડી.એ.પી.નો વપરાશ કરતા હતા. જેથી તેમનો ખેતી ખર્ચ વધુ રહેતો અને ઉત્પાદન માત્ર ૨૦૦ મણ જેટલું જ થતું હતું. શ્રી હિરેનભાઈએ ગ્રામસેવકની સલાહથી ભાવનગરની સોઈલ ટેસ્ટિંગ પ્રયોગશાળામાં ખેતરની માટીનું પરીક્ષણ કરાવ્યું. માટીના પરીક્ષણ બાદ સોઈલ હેલ્થ કાર્ડમાં આપેલી ભલામણો મુજબ તેમના ખેતરમાં યુરિયાનો વપરાશ ૧૮૦ કિલો, જ્યારે ડી.એ.પી.નો વપરાશ ૧૪૦ કિલો થઈ ગયો. આમ, ૨૨૦ કિલો યુરિયાની અને ૧૫૦ કિલો ડી.એ.પી.ની બચત થતાં ખેતી ખર્ચ અડધો થઈ ગયો. વળી, વૈજ્ઞાનિક ભલામણ મુજબ ખાતરના ઉપયોગથી ઉત્પાદન પણ ૨૦૦ મણથી વધીને ૨૮૧ મણ થયું. શ્રી હિરેનભાઈ કહે છે, "પહેલાં અમે અંધારામાં તીર મારતા હતા. વધુ ઉત્પાદન મેળવવા આડેધડ ખાતરની થેલીઓ ઠાલવતા રહ્યા અને જમીન બગાડતા રહ્યા. પણ જ્યારે હાથમાં સોઈલ હેલ્થ કાર્ડ આવ્યું, ત્યારે ખબર પડી કે આ તો આપણી જમીનનો એક્સ-રે રિપોર્ટ છે. હવે ભલામણ મુજબ જેટલી જરૂર છે, એટલું જ ખાતર આપીએ છીએ. જેથી ખર્ચ અડધો થઈ ગયો અને પાક મબલખ થયો."

ભાવનગરના હિરેનભાઈની જેમ રાજ્યના લાખો ખેડૂતોએ છેલ્લા બે દાયકામાં ૨.૨૩ કરોડથી પણ વધુ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે કઢાવ્યા છે. ચાલુ વર્ષે પણ રાજ્ય અને કેન્દ્ર સરકારના સંયુક્ત પ્રયાસોથી જમીનના ૨.૧૮ લાખ નમૂના તપાસીને સોઈલ હેલ્થ કાર્ડ કાઢવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

સોઈલ હેલ્થ કાર્ડથી ખેતીનો ખર્ચ ઘટવા અને આવક વધવા ઉપરાંત જમીન વધુ સ્વસ્થ અને ફળદ્રુપ પણ બને છે. સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ખેડૂત શ્રી અરુણભાઈ મેણિયાએ પણ પોતાનો અનુભવ વર્ણવતા કહ્યું હતું કે, "સોઈલ હેલ્થ કાર્ડ''ના પગલે જમીનનું પરીક્ષણ થયું અને મેં સેન્દ્રીય ખાતરનો વપરાશ શરૂ કર્યો. જેના પગલે કઠણ થઈ ગયેલી મારા ખેતરની જમીન નરમ બની અને જમીનની ભેજસંગ્રહ શક્તિમાં વૃદ્ધિ થઈ." આમ, શ્રી હિરેનભાઈ અને શ્રી અરુણભાઈ જેવા અનેક ખેડૂતોની ખેતીમાં સોઈલ હેલ્થ કાર્ડથી મોટું પરિવર્તન આવ્યું છે.

**સોઈલ હેલ્થ કાર્ડ શું છે અને ખેડૂતને તેનાથી શો ફાયદો થાય છે?**

ગાંધીનગર સોઈલ ટેસ્ટિંગ લેબના મદદનીશ ખેતી નિયામક શ્રી પારુલ પરમાર જણાવે છે કે, સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ જેવા ૬ મુખ્ય તત્વોની તથા કોપર, આયર્ન, ઝિંક અને મેંગેનીઝ જેવા ૬ સૂક્ષ્મ તત્વો સહિત કુલ ૧૨ પેરામીટરનું પૃથ્થકરણ કરવામાં આવે છે. આ પૃથ્થકરણના આધારે ખેડૂતોને ખાતરના વપરાશ અંગે ભલામણ કરવામાં આવે છે. ભલામણના આધારે ખાતરના ઉપયોગથી ખાતરનો બિનજરૂરી વ્યય અટકે છે અને જમીન પણ સ્વસ્થ રહે છે. ગુજરાતમાં હાલમાં જમીન ચકાસણી માટે ૨૧ પ્રયોગશાળાઓ અને એક સૂક્ષ્મ તત્વ પ્રયોગશાળા કાર્યરત છે.

**સોઈલ ટેસ્ટિંગ માટે જમીનનું સેમ્પલ કેવી રીતે લેવું?**

મદદનીશ ખેતી નિયામક શ્રી રાકેશ સાપરિયા જણાવે છે કે, સોઈલ હેલ્થ કાર્ડથી સચોટ પરિણામ મેળવવા માટે નિયત પદ્ધતિથી જમીનનું સેમ્પલ લેવું ખૂબ જ જરૂરી છે. ખેતરના શેઢા, રસ્તા, પાણી ભરાતા વિસ્તાર કે વૃક્ષના છાયડાથી દૂર રહીને એક હેક્ટરમાં ૧૦ થી ૨૦ અલગ જગ્યાએથી ઝિગ-ઝેગ મેથડ દ્વારા ૧૫ થી ૨૦ સે.મી. ઊંડો ખાડો કરીને સેમ્પલ લેવું. એકત્રિત કરેલી માટીને વ્યવસ્થિત મિશ્ર કરી, તેને ચાર ભાગમાં વહેંચી બે ભાગ દૂર કરવા. ત્યારબાદ ફરી એકવાર માટી મિશ્ર કરીને તેમાંથી ૫૦૦ ગ્રામ માટીનો નમૂનો ટેસ્ટિંગ માટે મોકલવાથી પરિણામ સચોટ મળે છે.

**સોઈલ હેલ્થ કાર્ડનો વિચાર અને વ્યાપ**

વર્ષ ૨૦૦૩-૦૪માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયું કે, રાજ્યમાં આડેધડ રાસાયણિક ખાતરોના વપરાશથી ધરતી માતા પોતાની ફળદ્રુપતા ગુમાવી રહી છે. તેમણે વિચાર્યું કે, જો મનુષ્યના શરીરની તપાસ માટે લેબોરેટરી ટેસ્ટ થઈ શકતા હોય, તો ધરતી માતાની તંદુરસ્તી કેમ ન ચકાસી શકાય? આ વિચારમાંથી જન્મ થયો 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના'નો.

ગુજરાતે દેશમાં સૌપ્રથમ આ પ્રયોગ કર્યો અને તેના હકારાત્મક પરિણામો જોઈને, વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન બન્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાને રાષ્ટ્રીય સ્તરે લાગુ કરી. આજે વડાપ્રધાન તરીકેના તેમના શાસનકાળની આ એક એવી મૌન ક્રાંતિ છે, જેણે દેશના અનેક ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર બનાવ્યા છે.

દેશના એક નાના ગામમાં બેસીને જ્યારે કોઈ ખેડૂત વિજ્ઞાન અને ખેતીના સમન્વયની આ વાત કરે છે, ત્યારે સમજાય છે કે વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ગ્રામીણ અર્થતંત્રમાં કેટલું મોટું પરિવર્તન આવ્યું છે. 'સ્વસ્થ ધરા, ખેત હરા'નો જે નારો વર્ષો પહેલાં ગુજરાતની ધરતી પરથી ગુંજ્યો હતો, તે આજે દેશના કરોડો ખેડૂતોની જિંદગી બદલનારો મહામંત્ર બની ચૂક્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શાસનકાળના વર્ષો એ વાતની સાબિતી છે કે, સાચી ક્રાંતિ જમીન સાથે જોડાયેલી હોય છે. સોઈલ હેલ્થ કાર્ડ આજે ભારતીય કૃષિ ક્ષેત્રનું રક્ષણકવચ બની ગયું છે. જ્યારે દેશની જમીન સ્વસ્થ બને છે, ત્યારે જ દેશનો ખેડૂત સમૃદ્ધ બને છે અને એ સમૃદ્ધિ જ 'આત્મનિર્ભર ભારત'નો સાચો પાયો છે.

- નિતિન રથવી

# ગુજરાત પોલીસને મળ્યા નવા વડા: જી એસ મલીક બન્યા રાજયના ડીજીપી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજયના પોલીસ તંત્રમાં એક મહત્વપૂર્ણ વહિવટી નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના વર્તમાન પોલીસ કમિશ્નર અને ૧૯૯૩ બેચ ના વરીષ્ઠ આઈપીએસ અધિકારી જ્ઞાનેન્દ્રસિંહ મલીક ને ગુજરાત રાજયના નવા ડાયરેકટર જનરલ ઓફ પોલીસ અને ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.




રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા આજે તારીખ ૬ જુન ૨૦૨૬ ના રોજ આ અંગેનુ સત્તાવાર જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતું જાહેરનામા મુજબ જી એસ મલીકને તાત્કાલીક અસર થી ગુજરાત પોલીસના સર્વોચ્ચ પદની જવાબદારી સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી રાજયના ડીજીપી પદની વધારાની જવાબદારી કે એલ એન રાવ સંભાળી રહ્યા હતા. છેલ્લા પાંચ મહિનાથી ઈન્ચાર્જ ડીજીપી તરીકે ફરજ બજાવ્યા બાદ હવે રાજય સરકાર દ્વારા કાયમી ડીજીપી ની નિમણુંક કરવામાં આવી છે. જી એસ મલીક ગુજરાત કેડરના ૧૯૯૩ બેચના અનુભવી આઈપીએસ અધિકારી છે, તેઓ પોતાની કારકિર્દી દરમ્યાન અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ પર રહી ચુકયા છે. તાજેતરમાં તેઓ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર તરીકે કામગીરી સંભાળી રહ્યા હતા અને કાયદો વ્યવસ્થા તેમજ આધુનિક પોલીસીંગ માટે નોધપાત્ર કામગીરી કરી હતી. સરકારના આદેશ મુજબ તેમની નિમણુંક એપેકસ સ્કેલ લેવલ -૧૭ હેઠળ કરવામાં આવી છે. જેમાં તેમને રૂપીયા ૨.૨૫ લાખ ના ફીકસ પગાર ધોરણનો લાભ મળશે. આ નિમણુંક રાજયપાલના નામે અને તેમના આદેશથી જાહેર કરવામાં આવી છે. આ સાથે જ લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે અને હવે જીએસ મલીક સત્તાવાર રીતે ગુજરાત પોલીસના વડા તરીકે કામગીરી સંભાળશે. તેમની નિમણુંક બાદ રાજયમાં કાયદો વ્યવસ્થા, સાયબર ક્રાઈમ નિયંત્રણ, મહિલા સુરક્ષા અને ટેકનોલોજી આધારીત પોલીસીંગને વધુ મજબુતી મળશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે. પોલીસ વર્તુળો અને વહિવટી તંત્રમાં પણ આ નિમણુંકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આગામી સમયમાં જી એસ મલીકના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ વધુ અસરકારક અને આધુનિક કામગીરી તરફ આગળ વધશે તેવી આશા વ્યકત થઈ રહી છે.

# છોટા ઉદેપુરમાં મોતની સવારી: કાર અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત, ૧નું મોત અને ૨૦થી વધુ શ્રમિકો ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

છોટા ઉદેપુર અને મધ્ય પ્રદેશને જોડતા નેશનલ હાઈવે નંબર ૫૬ પર રંગપુરના જોડાવાટ ગામ પાસે એક હૃદયકંપાવનારો અકસ્માત સર્જાયો છે. મધ્યપ્રદેશથી ગુજરાતમાં મજૂરી અર્થે આવી રહેલા શ્રમિક પરિવારોની મુસાફરી લોહીયાળ સાબિત થઈ છે. અહીં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરેલી કાર અને ટ્રેક્ટર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે ૨૦થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. મધ્ય પ્રદેશના દિકાલ કુવાથી એક શ્રમિક પરિવાર તુફાન કારમાં બેસીને ગોંડલ મજૂરી અર્થે જઈ રહ્યો હતો. તુફાન કારનો ચાલક વધુ કમાણી કરવાની લાલચમાં નિર્દોષ શ્રમિકોના જીવ જોખમમાં મૂકીને હાઈવે પર 'મોતની સવારી' દોડાવી રહ્યો હતો. કારની અંદર ૨૦ જેટલા મુસાફરોને ઠસોઠસ ભરવામાં આવ્યા હતા, એટલું જ નહીં પણ કારની ઉપર કેટલીક બાઈક પણ લાદેલી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં સવાર નાના ભૂલકાઓ સહિત તમામ મુસાફરો ચિચિયારીઓ પાડી ઉઠ્યા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જે પૈકી બેથી વધુ મુસાફરોની હાલત અત્યંત ગંભીર હોવાથી તેઓને વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ તુફાન કારનો ચાલક વાહન છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાએ હાઈવે પર દોડતા ગેરકાયદે અને ઓવરલોડ વાહનો સામે મોટા સવાલો ઊભા કર્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, હજુ ત્રીજી જૂના રોજ જ પોલીસે બાતમીના આધારે કાયદાના લીરેલીરા ઉડાવતી આવી ૫ ઓવરલોડ ગાડીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. એ વાહનોમાં એક-એક ગાડીમાં ૨૫થી ૩૦ મુસાફરો, છત પર બાઈકો અને સામાનના મોટા પોટલા ભરીને સૌરાષ્ટ્ર તરફ ખેતમજૂરી માટે લઈ જવાઈ રહ્યા હતા.

# UKમાં છૂટાછેડાના ૨૩ વર્ષ જૂના કેસમાં ગુજરાતી મહિલાને ૮૫ કરોડ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

૨૩ વર્ષ જૂના છૂટાછેડાના કેસમાં યુનાઈટેડ કિંગડમની એક અદાલતે મૂળ ગુજરાતી મહિલાની તરફેણમાં ચુકાદો આપી, મહિલાના પતિને ૬.૬ મિલિયન પાઉન્ડ (આશરે રૂ. ૮૫ કરોડ) ચૂકવવાનો આદેશ આપ્યો છે. યુકેની કોર્ટ ઓફ અપીલે, વર્ષા ગોહિલ નામની આ મહિલાની તરફેણમાં આપેલાં હાઈકોર્ટના ચુકાદાને બહાલ રાખતાં ૨૩ વર્ષથી ચાલી રહેલાં કેસનો અંત આવ્યો હતો. છૂટાછેડાની કાર્યવાહી દરમિયાન પતિએ તેની પૂરે પૂરી સંપત્તિનો ખુલાસો નહીં કર્યો હોવાના પુરાવા મળ્યાં બાદ ૨૦૦૨માં ફાઈલ કરાયેલાં આ કેસને થોડાંક વર્ષો બાદ ફરીથી શરૂ કરાયો હતો. કેસની વિગતો અનુસાર, વર્ષા ગોહિલ નામની ત્રણ સંતાનોની માતાએ વ્યભિચાર અને અમાનવીય વ્યવહારના આક્ષેપોસર સોલિસિટર તરીકે કામ કરતાં પતિ ભદ્રેશ ગોહિલ વિરુદ્ધ છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો. જોકે પાછળથી વર્ષાને જાણ થઈ હતી કે, યુકેના કાયદા અનુસાર આવશ્યક હોવા છતાં, તેના પતિ ભદ્રેશે કેસ દરમિયાન તેની સંપત્તિની સંપૂર્ણ વિગતો જાહેર નહોતી કરી. જેને પગલે તેણે પોતાનો કેસ ફરી ખોલવા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ઘટનાની વિગતો અનુસાર, ૨૦૧૦ની આસપાસ મની લોન્ડરિંગના એક કેસમાં ભદ્રેશ ગોહિલ વિરુદ્ધ કરાયેલી તપાસમાં, તેણે વિદેશી કંપનીઓ અને ક્લાયન્ટ્સના એકાઉન્ટ્સમાં જંગી રકમ ટ્રાન્સફર કરી હોવાના પુરાવા મળી આવ્યાં હતાં. જેને પગલે ૨૦૧૧ની સાલમાં તેને મની લોન્ડરિંગ, છેતરપિંડી તથા ષડયંત્રના આરોપોસર ૧૦ વર્ષની જેલની સજા ફટકારાઈ હતી. આ જ કેસની તપાસમાં તેની પાસે ૨૮ મિલિયન પાઉન્ડ (આશરે રૂ. ૩૬૦ કરોડ)ની સંપત્તિ હોવાનું પણ બહાર આવ્યું હતું, જેની વિગતો તેણે છૂટાછેડાના કેસ દરમિયાન છુપાવી હતી. આ બાબતની જાણ થતાં જ વર્ષાએ ૨૦૧૫માં છૂટાછેડાનો કેસ ફરીથી શરૂ કરવા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી, જેને કોર્ટે માન્ય રાખી હતી.

**પશ્ચિમ રેલ્વે**

**કેબલ બદલવું**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નંબર: WR-MMCTOESUB (ESPT)/1/2026 કામનું નામ: ચર્ચગેટ -બોરીવલી 22KV અને 2.2KV કેબલને અલગ-અલગ સ્થળોએ પેટા - બનાવવાના સ્થાને આધારે બદલી. કાર્યની અંદાજિત કિંમત: ₹ 4,51,57,780/- બિડ સુરક્ષા: ₹ 9,03,200/- સબમિશનની તારીખ અને સમય: તા. 02.07.2026 ના 15.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: તા. 02.07.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો 0200

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**ટ્રેક વર્ક્સ**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 દ્વારા ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/56 તારીખ 01/06/2026 કામ અને સ્થળ: સિંગલ શોટ ક્રુસિબલ સાથે 60kg/60EI-R260 રેલ અને 60kg 90 UTS ના AT વેલ્ડીંગનું અમલીકરણ અને ડિવિઝનલ એન્જિનિયર (સેન્ટ્રલ), MMCT સેક્શન (R-1) ના અધિકારક્ષેત્ર હેઠળ મંજૂર ટ્રેક કામોના સંદર્ભમાં વેલ્ડીંગ ભાગ 60kg/60EI-R260, 60kg 90 UTS ની સપ્લાય. કામની અંદાજિત કિંમત: ₹3,28,73,795.24 EMD: ₹6,57,500.00 સબમિશન તારીખ અને સમય: તા.26.06.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.26.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0191

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ શેડ કામ**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, 6th માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 દ્વારા ઈ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/57 તા. 02/06/2026 કામ અને સ્થળ: ચલથાણ-ચલથાણ ગુડ્સ શેડ ખાતે (560 મીટર x 10 મીટર) ના RL પ્લેટફોર્મ પર 20 ફૂટ ઊંચાઈવાળા કવર શેડ સુવિધાનો વિકાસ જેમાં લાઇટિંગ સુવિધાઓ (ઇલેક્ટ્રિકલ ભાગ સહિત સંયુક્ત ટેન્ડર)નો સમાવેશ થાય છે. કામનો અંદાજિત ખર્ચ: ₹ 8,33,07,272.43/- EMD: ₹ 16,66,200.00/- સબમિશન તારીખ અને સમય : તા.26.06.2026, ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.26.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0192

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે-અમદાવાદ ડિવિઝન**

**ઇલેક્ટ્રિકલ કાર્ય**

ઈ-ટેન્ડર સૂચના નં. Sr. DEE/ADI/11(26-27) તા. 05.06.2026 ; ટેન્ડર નં. EL-ADI-G-T-12-2026-27; કામનું નામ: અમદાવાદ ડિવિઝન - RCCBs ઇન્સ્ટોલેશન, ટ્રાન્સફોર્મર ન્યુટ્રલ અર્થિંગ, ન્યુટ્રલ સેગ્રિગેશન અને માપન અને મોનીટરીંગ રિલે (MMRs) ની જોગવાઈ દ્વારા વિદ્યુત સલામતી વધારવાના સંબંધમાં વિદ્યુત કાર્ય. અંદાજિત કિંમત: ₹ 4,02,85,793/-; અર્નેસ્ટ મની: ₹ 8,05,700/-; ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય: 02.07.2026 ના રોજ 15:00 કલાક સુધી; ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 02.07.2026 ના રોજ 15:30 કલાકે; કાર્યાલયનું સરનામું: વરિષ્ઠ મંડળ વિદ્યુત એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પ. રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ – 382 345. વેબસાઇટ: www.ireps.gov.in ADI – 057

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**છતનું સમારકામ માઉન્ટેડ પેકેજ યુનિટ્સ**

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (W), કેરેજ રિપેર વર્કશોપ, વેસ્ટર્ન રેલ્વે, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - 400 013 ટેન્ડર સૂચના નં.: EL/WA/PL/2026-27/02 તારીખ 01/06/2026 આમંત્રિત કરે છે. કામનું નામ: 564 RMPUS (282 કોચ) માટે કાર્યક્ષેત્ર અને દરના સમયપત્રક અનુસાર LHB પ્રકારના એસી કોચના રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ્સ (RMPUs) નું ઓવરહોલિંગ/રિપેરિંગ. અંદાજિત કિંમત: ₹ 21,15,47,669.85/- EMD: ₹ 42,31,000/- સબમિશનની તારીખ અને સમય: તા.30/06/2026 ના 12.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.30/06/2026 ના રોજ 12.30 કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0196

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સીસીટીવી કેમેરાનું વિવિધ કાર્ય**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (ઉત્તર), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ - 400 008, સેન્ટ્રલ, મુંબઈ ટેન્ડર નંબર: SG-216-2-159-WA તારીખ 02/06/2026 ને આમંત્રણ આપે છે. કામ અને સ્થળ: મુંબઈ ડિવિઝન (WR) ના NI LC ગેટ જેવા સંવેદનશીલ સ્થળોએ CCTV કેમેરાનો પુરવઠો, સ્થાપન, એકીકરણ, પરીક્ષણ, કમિશનિંગ, 3 વર્ષની વોરંટી પૂર્ણ થયા પછી 5 વર્ષની CAMC સાથે. કામનો ખર્ચ: ₹1,46,92,788.34 /- EMD: ₹2,93,900.00 /- સબમિશન માટે સમય અને તારીખ: 24/06/2026 ના 15.00 કલાક સુધી. ખુલવાનો સમય અને તારીખ: 24/06/2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0193

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે

ડિવિઝનલ રેલ્વે મેનેજર, વાણિજ્યિક વિભાગ, એનએફઆર સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-16 | 24-06-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-ADH-OSN-441-26-2 (જાહેરાત - સ્ટેશન પરના પરિસરમાં (નોન-ડિજિટલ)) | અંધેરી સ્ટેશન પર ઉપલા ડેક પર બેઠક વ્યવસ્થા સાથે ગ્લો લોલીપોપ માટે ત્રણ વર્ષ માટે બલ્ક જાહેરાત અધિકારો_ | 1096 | 24-06-26 15:30:00 |
| 2 | ADVT-IntExt-S1-ACNonAC12-26-1 (જાહેરાત -ટ્રેનનો આંતરિક અને બાહ્ય ભાગ) | 144 કોચ (12 કોચના 7 રેક અને 15 કોચના 4 રેક) ધરાવતા 11 EMU રેકની બાહ્ય બાજુની દિવાલ સપાટી (બારીની નીચે) પર વિનાઇલ રેપિંગ દ્વારા જાહેરાતોનું પ્રદર્શન, તેમજ 12 કોચ ધરાવતા 01 AC EMU રેકમાં ફુલ-ફેસ વિનાઇલ રેપિંગ, અંદરના પેનલ અને રૂટ મેપ જાહેરાતો, જે પાંચ વર્ષના સમયગાળા માટે પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝન પર 3873.80 ચોરસ મીટરના કુલ જાહેરાત ક્ષેત્રને આવરી લે છે. | 1826 | 24-06-26 15:40:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212, ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0206

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# ઠાકોર- કોળી સમાજને ન્યાય નહી મળે તો ૨૦૨૭ માં પરીણામ ભોગવવા તૈયાર રહેજો: રાજકીય પક્ષોને નવઘણજી ઠાકોરની ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સભાની ચુંટણી નજીક આવતા જ ટીકીટોની વહેચણી અને પ્રતિનિધિત્વને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. પાટણ ખાતે ઠાકોર સમાજ એકતા સમિતિના પ્રદેશ અધ્યક્ષ નવઘણજી ઠાકોરે સ્પષ્ટ શબ્દોમાં ભાજપના મોવડી મંડળને ચેતવણી આપી છે. નવઘણજી ઠાકોરે આકરા પાણીએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં સૌથી મોટી વસ્તી ધરાવતો ઠાકોર સમાજ હોવા છતાં રાજકીય પક્ષો દ્વારા વારંવાર તેમની અવગણના કરવામાં આવે છે.




ભાજપ અને અન્ય પક્ષોના નેતાઓને અપીલ કરીએ છીએ કે સમાજમાં યોગ્ય સંતુલન જાળવી રાખવા માટે અને ન્યાય આપવા માટે સક્રિય પગલા લેવામાં આવે, ગુજરાતની અંદર મોટો સમાજ છે, એમની સંપૂર્ણ અવગણના કરવામાં આવે છે. ધીમે ધીમે મોટા સમાજોને સાઈડ લાઈન કરવામાં આવે છે, એટલે સરકારને હું કહેવા માંગુ છું. ભારતીય જનતા પાર્ટીને કહેવા માંગુ છું. અમને સંગઠનમાં અન્યાય થાય, નિમણુંકોમાં અન્યાય થાય, સરકારી તંત્રોમાં અન્યાય થાય, અધિકારી વર્ગમાં દરેક જગ્યાએ અમને અન્યાય થાય છે. અમને ન્યાય મળતો નથી, અમારી વસ્તી વધારે છે પણ અમને ન્યાય માં ઝીરો છે. અમારી વસ્તી વધારે છે પણ જોઈએ તેટલો ન્યાય મળતો નથી. એટલે ભારતીય જનતા પાર્ટીને મારી વિનંતી છે કે જો અમને ન્યાય આપવામાં નહી આવે, ચાર નામમાંથી એક નામ મોટા સમાજનુ લેવામાં નહી આવે તો અમારે સમાજને જાગૃત થઈ અને ૨૦૨૭ ની અંદર કે આગામી જે કોઈ ચુંટણીઓ આવે એમાં આખો સમાજ એક થઈ અને જડબાતોડ જવાબ આપશે. નવઘણજી ઠાકોરે આવતી કાલે સોમવારે રાજય સભાના ઉમેદવારોના ફોર્મ ભરવામાં પણ ઠાકોર સમાજના પ્રતિનિધિને સ્થાન આપવાની માંગ કરી છે. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી સમયમાં વસ્તીના ધોરણે ઠાકોર સમાજને ન્યાય નહી મળે તો સમાજ અન્ય સર્વ સમાજનો સાથે લઈને ૨૦૨૭ ની ચુંટણીમાં ભાજપને પરીણામ ભોગવવા તૈયાર રહેવા માટેની સીધી ચેતવણી આપી છે. હવે જોવાનુ એ રહે છે કે આ આક્રમક નિવેદન બાદ ભાજપનુ મોવડી મંડળ તેની વ્યુહ રચનામાં કોઈ ફેરફાર કરે છે કે કેમ ?

### દેશમાં બનતી કોઈપણ દુર્ઘટના પછી શું?

# ભારતમાં કરુણ દુર્ઘટનાઓ બને ત્યારે આપણે થોડા દિવસ હાય-હાય કરી લઈએ છીએ પછી એવી ઘટનાઓ ભૂતકાળ બની ભૂલી જવાય છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે વાતો સ્વદેશીની કરી વિદેશી ચીજોનો બહિષ્કાર કરવાના છાશવારે ગતકડાઓ ઊભા કરી ખોખલો દેશ પ્રેમ તો બતાવીએ છીએ પરંતુ જ્યારે સાચા અર્થમાં દેશપ્રેમની પરીક્ષાનો સમય આવે છે ત્યારે આ ઢોંગી દેશપ્રેમીઓ સદંતર નાપાસ થતા હોય છે. આ વાત એટલા માટે અહીં યાદ કરવી પડે છે કે વિદેશોમાં પણ આપણી જેમ પુલો તૂટી પડે છે, મોલમાં આગ લાગે છે અને બોટ ઊંધી વળી જતા બાળકોના મોત પણ થાય છે. પણ ત્યાંના નેતાઓ અને સત્તાધારીઓ જેવી ચારિત્ર્યની તાકાત આપણા સાહેબ લોકો દેખાડી શકતા નથી. જ્યારે ભારતમાં કરૂણ ઘટનાઓ બને ત્યારે આપણે થોડા દિવસ હાય-હાય કરી લઈને ભૂલી જઈએ છીએ. નથી કોઈના રાજીનામાં પડતા, નથી સત્તા જતી, નથી કડક ફોલો-અપ થતા ભારતમાં પણ નૈતિકતાના ધોરણે પદત્યાગ કરવાની ઘટનાઓ બનતી હતી પણ એ ભૂતકાળમાં. જ્યારે આપણે સરળતાથી દુર્ઘટનાઓ અને તેના આરોપીઓને ભૂલી જઈએ છીએ અને આગળ વધી જઈએ છીએ. એક રાષ્ટ્ર તરીકે, એક પ્રજા તરીકે શું આ જ આપણું કેરેક્ટર છે? જવાબ આપણે સૌએ આપવાનો છે. આમ જ્યારે જ્યારે આવી ગંભીર ઘટનાઓ બને છે અને એમાં લોકો મૃત્યુને આધીન થાય છે ત્યારે ત્યારે કડક તપાસના આદેશો અપાય છે. પરંતુ કડક તપાસ એટલે શું? ભરતી પરીક્ષાઓના પેપરની માફક આવી અવાર-નવાર અપાતી કડક તપાસના પણ હવે સમિતિઓ દ્વારા કડક તપાસ કરાવવી પડે એવો સમય આવ્યો છે. કારણ કે કડક તપાસ પર અંતે તો ઠંડુ પાણી જ રેડવાનું છે.

અહીં વિદેશની વાત કરીએ ૧૬ એપ્રિલ ૨૦૧૪ ના એ દિવસે દક્ષિણ કોરિયાની રાજધાની સોલમાં આવેલી ડેન્વન હાઈસ્કૂલના ૧૬-૧૭ વર્ષના ત્રણ તરુણ-તરૂણીઓ પિકનિક માટે જેસુ આઈલેન્ડ જઈ રહ્યા છે.કલબલ કલબલ કરતા ૩૦૦ કરતા વધારે સ્ટુડન્ટ્સ એમના શિક્ષકો સાથે એમવી સોલ નામની ફેરી એટલે કે બોટ પર સવાર થાય છે. ખુશનુમા માહોલ છે, મસ્તી મજાક ચાલી રહી છે. બોટ (ફેરી) ઉપડે છે સવારે ૮:૪૯ કલાકે બોટ શાર્પ ટર્ન લે છે અને થોડી જ મિનિટોમાં એક તરફ નમી જઈને ડૂબવા લાગે છે. ચીસાચીસ થઈ જાય છે. અને કેબિનોમાં જ રહેવાની અપાયેલી સૂચનાને કારણે બાળકોને છટકવાનો મોકો નહીં મળતા બોટમાં ૩૦૪ લોકો જેમાંથી ૨૫૦ વિદ્યાર્થીઓ જ હતા. એ બોટ દરિયામાં ગરકાવ થઈ જતા દક્ષિણ કોરિયામાં હાહાકાર મચી જાય છે.

આ બધાનું શું પરિણામ આવ્યું? બોટને ડૂબતી મૂકીને નાસી ગયેલા નાલાયક કેપ્ટનને ૩૬ વર્ષની જેલવાસની સજા થઈ, જે પછી આજીવન કારાવાસમાં ફેરવવામાં આવી હતી. ક્રુ ના અન્ય ૧૪ સભ્યોને પણ પાંચ થી ૩૦ વર્ષ સુધીની જેલ થઈ. બોટ ઓપરેટર કરતી શિપિંગ કંપનીનો માલિક ફરાર થઈને ગયો અને થોડા દિવસો પછી એની સડી ગયેલી લાશ મળી આવી. સમગ્ર સાઉથ કોરિઅન કોસ્ટગાર્ડ ને બરખાસ્ત કરી નાંખવામાં આવ્યું. અને મિનિસ્ટ્રી ઓફ પબ્લિક સેફટી એન્ડ સિક્યુરિટી નામના એક આખે આખા નવા મંત્રાલયની રચના કરવામાં આવી. આખરે બોટ દુર્ઘટનાનું રાજકીય સ્તરે શું પરિણામ આવ્યું? દક્ષિણ કોરિયાના પ્રાઈમ મિનિસ્ટર જુંગ હોંગ-વોને પોતાની નૈતિક જવાબદારી સ્વીકારીને દુર્ઘટના ના ૧૧ દિવસની અંદર પોતાનું રાજીનામું ધરી દીધું. દક્ષિણ કોરિયામાં અલબત્ત સૌથી વધારે સત્તા પ્રેસિડન્ટ પાસે હોય છે. તત્કાલીન પ્રેસિડન્ટ પાર્ક ગેઉન-ઘેની પોલિટિકલ કરિયર માટે આ બોટ દુર્ઘટના ઘાતક સાબિત થઈ. એણે પોતાની ખુરશી ન છોડી, પણ પ્રજાની નજરમાંથી એ ઉતરી ચૂક્યા હતા. જેમ આપણા નફફત શાસકો પ્રજાની નજર માંથી ઉતરી ગયા છે એમ. છતાં આપણા શાસકો સત્તા છોડતા નથી. મેરા ભારત મહાન.

# અમરેલીના ચમારડી માં આરોગ્યમંત્રી પાનસેરીયાનુ આકરૂ વલણ: સરપંચની ફરીયાદ બાદ ગેરરીતી પકડાતા ખામીયુકત બાંધકામ નવેસરથી કરવાનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર, બેદરકારી અને નબળી ગુણવત્તા સામે ઝીરો ટોલરન્સ ની નીતી સાથે આગળ વધી રહી છે. આ નીતી અંતર્ગત અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ચમારડી ગામે નિર્માણાધીન આરોગ્ય સબ-સેન્ટર ના બાંધકામમાં ગંભીર ક્ષતિઓ અને ગુણવત્તાના ધોરણો અંગે થયેલી ફરીયાદને ધ્યાને લઈ રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ તાત્કાલીક અને કડક કાર્યવાહી હાથ ધરી છે.




સરપંચની પુરાવા આધારીત ફરીયાદ પર ત્વરીત એકશન ચમારડી ગામના સ્થાનિક સરપંચ દ્વારા આરોગ્ય સબ-સેન્ટરના બાંધકામમાં નબળી ગુણવત્તા, બેદરકારી અને ટેકનીકલ ક્ષતિઓ અંગે પુરાવા સાથે લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. આ ફરીયાદને અત્યંત ગંભીરતાથી લઈને આરોગ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલીક પ્રાથમિક તપાસ કરવાના આદેશ આપ્યા હતા. પ્રાથમિક તપાસ દરમિયાન ફરીયાદમાં દર્શાવાયેલા મુદ્દાઓમાં તથ્ય જણાતા, ફરજ પ્રત્યેની બેદરકારી અને ગુણવત્તા નિયંત્રણમાં નિષ્ફળતા બદલ જવાબદાર એન્જીનીયરને તાત્કાલીક શો-કોઝ નોટીસ ફટકારવામાં આવી છે. આ કડક કાર્યવાહી અંગે વાત કરતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર આરોગ્ય ક્ષેત્રના માળખાગત વિકાસ માટે કરોડો રૂપીયાનુ રોકાણ કરે છે. આવા સંજોગોમાં નાગરીકોના સ્વાસ્થ્ય સાથે સીધો સંબંધ ધરાવતા જાહેર ભવનોના બાંધકામમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ભ્રષ્ટાચાર, ગેરરીતી અથવા ગુણવત્તા સાથેની બાંધછોડ સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહી.

તેમણે વધુમાં કહ્યુ હતુ કે સરકારનો મુખ્ય ઉદેશ નાગરીકોને સુરક્ષિત, મજબુત અને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. જાહેર નાણાંનો એક રૂપીયો નિર્ધારીત ધોરણો અને નિયમો મુજબ જ ખર્ચાય તે સુનિશ્ચિત કરવુ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આરોગ્ય મંત્રીએ ઉચ્ચ અધિકારીઓને ચમારડી સબ-સેન્ટરના સમગ્ર બાંધકામની ઉંડાણપૂર્વક તકનીકી તપાસ હાથ ધરવા તથા જયાં પણ ગુણવત્તા સંબંધિત ક્ષતિઓ જણાય ત્યાં જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા સુચના આપી છે. આ સાથે જ તમામ ખામીઓ નિયત ધોરણો મુજબ દુર કરીને જરૂરી હોય ત્યાં નવેસરથી બાંધકામ કરાવવાનો સ્પષ્ટ આદેશ પણ આપવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં મિત્ર એ જ રચ્યું મોતનુ કાવતરૂ: પત્નીના એક તરફી પ્રેમમાં ટ્રક ચાલકની હત્યા: મનપાના માળી સહિત ૩ ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામની સીમમાં ખેતરમાંથી મળી આવેલી ટ્રક ચાલકની લાશના કેસમાં પોલીસે ગણતરીના કલાકોમાં જ મોટો ખુલાસો કર્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે મૃતકના મિત્ર એ જ એકતરફી પ્રેમના કારણે આ હત્યાનુ કાવતરૂ રચ્યું હતું. આ મામલે ગાંધીનગર મહાનગરપાલિકાના એક કર્મચારી સહિત ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ ૩૬ વર્ષીય મગનજી ઉર્ફે મનોજ પ્રહલાદજી ઠાકોર ટ્રક ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતા હતા. ગઈ તારીખ ૩ જુનના રોજ તેઓ ઘરે થી કામ માટે નિકળ્યા હતા ત્યારબાદ સાંજે



તેમના પરીવારને જાણ થઈ હતી કે રાંધેજા ગામની સીમમાં આવેલા એક ખેતરમાં તેમનો મૃતદેહ મળી આવ્યો છે. ઘટનાની જાણ થતા જ પેથાપુર પોલીસ સ્થળ પર પહોચી હતી અને મૃતકના ગળા પર નિશાન અને મોઢામાંથી લોહી નિકળતુ જોવા મળતા પોલીસે શંકાસ્પદ મોતનો ગુન્હો નોંધી તપાસ શરૂ કરી હતી. પોસ્ટમોર્ટમ રીપોર્ટ માં ગળુ દબાવી હત્યા કરાઈ હોવાનુ બહાર આવ્યુ હતું. પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે મૃતક નો મિત્ર લાલા ગાભાજી ઠાકોર, જે ગાંધીનગર મહાનગરપાલિકામાં માળી તરીકે ફરજ બજાવે છે. તે મૃતકની પત્ની પ્રત્યે એકતરફી આકર્ષણ ધરાવતો હતો. આ કારણે તેણે પોતાના બે સાગરીતો સુરેશ ડાભી અને દિગવિજય ઉર્ફે પિન્ટુ ચૌહાણ સાથે મળીને હત્યાનો પ્લાન ઘડયો હતો. પોલીસ ના કહેવા પ્રમાણે આરોપીઓએ મૃતકને દર્શન અને પાર્ટીના બહાને બોલાવ્યો હતો. ત્યારબાદ ભાડે રાખેલી કાર માં બેસાડીને તેને સાથે લઈને નિકળ્યા હતા. રસ્તામાં ચાલતી કારમાં ગળુ દબાવી તેની હત્યા કરવામાં આવી હતી. બાદમાં પુરાવા છુપાવવા માટે મૃતદેહને રાંધેજા નજીકના ખેતરમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી લઈને વધુ પુછપરછ શરૂ કરી છે. તપાસ દરમિયાન મૃતકની પત્નીની ભુમિકા અંગે પણ કેટલીક શંકાઓ ઉભી થઈ હોવાથી તે દિશામાં પણ પોલીસ તપાસ ચલાવી રહી છે. જો કે પોલીસ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યુ નથી. આ કેસમાં આરોપીઓના રીમાન્ડ મેળવી ઘટનાનુ પુનઃનિર્માણ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસે સમગ્ર ઘટનાના તમામ પાસાઓની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# પેપર ચોર ગાદી છોડ ના નારા સાથે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરતા કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના માર્ગદર્શન હેઠળ અમદાવાદના બાપુનગર વિધાનસભા વિસ્તારમાં કાર્યકર્તાઓ રોડ રસ્તા પર ઉતર્યા હતા. પેપર ચોર ગાદી છોડ ના નારા સાથે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરતા કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. દેશમાં વધતી જતી મોંઘવારી અને નીટ પરીક્ષામાં થયેલા કથિત ગોટાળા ના મુદ્દે કોંગ્રેસે ભાજપ સરકાર સામે મોરચો ખોલ્યો છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ રોડ રસ્તા પર ઉતરી પેપર ચોર ગાદી છોડ , લુંટનો કારોબાર ભાજપ બંધ કરો ના પોસ્ટરો સાથે કોંગ્રેસે દેખાવો કર્યા હતા. કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની અને ભાવવધારો પરત ખેંચવા માટે માંગ કરી હતી.




રોડ રસ્તો રોકીને વિરોધ કરવાનો પ્રયાસ કરતા પોલીસે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. અમદાવાદના બાપુનગર વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે દેશભરમાં બેરોજગારી અને મોંઘવારી સતત વધી રહી છે. પરંતુ સરકાર જનતાના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ રહી છે. નીટ પરીક્ષામાં પીપરલીક અને પરીક્ષા વ્યવસ્થામાં થયેલી ગેરરીતીઓના કારણે લાખો વિદ્યાર્થીઓનુ ભવિષ્ય જોખમમાં મુકાયુ હોવાનુ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ ભાજપ હાય હાય ના નારા લગાવી કેન્દ્રીય શિક્ષણમંત્રી જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપે તેવી માંગણી કરી હતી. પરીક્ષામાં ભ્રષ્ટાચાર ભાજપે શિષ્ટાચાર બનાવ્યો, પેપર ચોર ગાદી છોડ અને લુંટનો કારોબાર ભાજપ બંધ કરો જેવા લખાણો ધરાવતા પોસ્ટરો સાથે સરકાર વિરૂધ્ધ રોષ વ્યકત કરવામાં આવ્યો હતો. પૂર્વ ધારાસભ્ય હિંમતસિંહ પટેલ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનો વિરોધ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યકર્તાઓએ રોડ રસ્તા પર ઉતરીને વિરોધ કરવાનો પ્રયાસ કરવા જતા પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે બાદ પણ કોંગ્રેસના કાર્યકર્તાઓ વિરોધ કરતા રોડ રસ્તો રોકવા જતા પોલીસ દ્વારા તમામ કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી.

# સુરેન્દ્રનગરના કોંઢ ગામે પાવરગ્રીડ કંપની સામે ખેડુતોનો વિરોધ: પ્રતિક ઉપવાસ આંદોલન થયુ શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના કોંઢ ગામે પાવરગ્રીડ કંપની દ્વારા ખેડુતોને કોઈપણ પ્રકારનુ વળતર ચુકવ્યા વગર પોલીસ બંદોબસ્ત વચ્ચે ખેતરોમાં વીજ પોલ સ્થાપિત કરવાની કામગીરી કરવામાં આવી રહી હોવાના આક્ષેપ સાથે ખેડુતોમાં ભારે રોષ ફેલાયો છે. ખેડુતોનુ કહેવુ છે કે કંપની દ્વારા તેમના માલીકીના ખેતરોમાં પ્રવેશ કરીને ઉભેલા પાક ને નુકશાન પહોચે તે રીતે ખાડા ખોદવાની અને વીજ પોલ નાખવાની કામગીરી કરવામાં આવી રહી છે.




આ મુદ્દે ખેડુતો છેલ્લા એક અઠવાડીયાથી યોગ્ય વળતરની માંગ સાથે શાંતિપૂર્ણ આંદોલન ચલાવી રહ્યા છે. વિરોધના ભાગરૂપે ખેડુતો દ્વારા રસ્તા રોકો સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કેટલાક ખેડુતોની ધરપકડ પણ કરવામાં આવી હતી. ખેડુતોનો આક્ષેપ છે કે તંત્ર સમક્ષ અનેક રજુઆતો કરવા છતાં તેમની માંગણીઓ અંગે કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે હવે પ્રતિક ઉપવાસ આંદોલન કરવામાં આવી રહ્યા છે. જેમાં ખેડુતો હાલ કોંઢ ગામે ઉપવાસ આંદોલન પર બેઠા છે. ખેડુત આગેવાન હરપાલસિંહ ઝાલાએ જણાવ્યુ હતુ કે ખેડુતોને નવી જંત્રી અને પિયત જમીનના ધોરણમુજબ યોગ્ય વળતર ચુકવવામાં આવે તેમજ ઉભેલા પાકને નુકશાન ન થાય તે રીતે કામગીરી કરવામાં આવે, ઉપરાંત વરસાદી માહોલમાં કામગીરી બંધ રાખવાની પણ માંગ કરવામાં આવી છે.

ખેડુતોનુ કહેવુ છે કે તેમની વ્યાજબી માંગણીઓ સંતોષવામાં નહી આવે ત્યાં સુધી તેઓ શાંતિપૂર્ણ રીતે આંદોલન ચાલુ રાખશે અને ન્યાય મેળવવા માટે એકતા સાથે લડત આપશે.

# ગાંધીનગરની સરકારી શાળામાં યુવકનો લટકતો મૃતદેહ મળ્યો: એફએસએલ તપાસમાં લાગી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરના સેકટર ૬ વિસ્તારમાં આવેલી સરકારી પ્રાથમિક શાળા ના પટાંગણમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. ઝાડ પર ગળે ફાંસો ખાધેલી હાલતમાં યુવકની લાશ લટકતી હોવાની જાણ થતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે ટોળે ટોળા ઉમટી પડયા હતા. ઘટનાની જાણ થતા જ સેકટર ૭ પોલીસની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન મૃતકની ઓળખ ૨૭ વર્ષીય જયદીપ રાજેશભાઈ સોલંકી તરીકે થઈ




હતી. તે મુળ મહેસાણા જિલ્લાના પીલવાઈ ગામનો રહેવાસી હતો. પોલીસના જણાવ્યા અનુસાર જયદીપ છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર ના વાવોલ વિસ્તારમાં પોતાની બહેનના ઘરે રહેતો હતો અને મજુરી કામ કરીને પરીવારને મદદરૂપ બનતો હતો, જો કે તે કયા સંજોગોમાં રાત્રીના સમયે શાળાના પરીસરમાં પહોચ્યો હતો અને તેની પાછળનુ કારણ શું હતુ તે હજુ સુધી સ્પષ્ટ થઈ શકયુ નથી. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) ની ટીમને પણ તપાસમાં જોડવામાં આવી છે. એફએસએલના નિષ્ણાંતોએ ઘટનાસ્થળે થી વિવિધ પુરાવાઓ એકત્ર કરીને વૈજ્ઞાનિક તપાસ શરૂ કરી છે. સેકટર ૭ પોલીસે હાલ અકસ્માત મોત નો ગુન્હો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પરીવારજનોને ઘટનાની જાણ કરવામાં આવી છે અને તેમના નિવેદનોના આધારે પણ તપાસ આગળ વધારવામાં આવશે. પોલીસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે પોસ્ટમોર્ટમ રીપોર્ટ તેમજ એફએસએલના અહેવાલ બાદ જ મોતનુ ચોકકસ કારણ બહાર આવી શકશે. હાલમાં તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં શિક્ષકોના પગાર મોડા થતા રોષ: ગ્રાન્ટ મંજુરીમાં વિલંબથી ૨ લાખ શિક્ષકો આર્થિક સંકટમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં શિક્ષણ વ્યવસ્થાની કરોડરજજુ ગણાતા લાખો શિક્ષકો હાલ પગાર વિલંબના મુદ્દે આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. રાજયભરમાં વસ્તી ગણતરી સહિતની વિવિધ સરકારી કામગીરી વચ્ચે શિક્ષકોના વેતન સમયસર ન થતા શિક્ષક વર્ગમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. રાજયના અંદાજે ૨ લાખ પ્રાથમિક અને અન્ય શિક્ષણ વિભાગના કર્મચારીઓને પગાર ચુકવણીમાં વિલંબ થઈ રહ્યો છે. આ પાછળનુ મુખ્ય કારણ સમયસર ગ્રાન્ટ મંજુર ન થવાનુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જેના કારણે અનેક શિક્ષકોના પરીવારના માસિક બજેટ પર સીધી અસર



પડી છે. તાજેતરમાં રાજય સરકારને શિક્ષણ ક્ષેત્ર માટે ૬૩.૧૮૪ કરોડ રૂપીયાનુ રેકોર્ડબ્રેક બજેટ જાહેર કર્યુ હતું. શિક્ષણની ગુણવત્તા સુધારવા અને શાળાઓના આધુનિકીકરણ માટે અનેક યોજનાઓની જાહેરાત પણ કરવામાં આવી હતી. તો બીજી તરફ શિક્ષકોને સમયસર વેતન ન મળતા શિક્ષણ વિભાગની કાર્ય પ્રણાલી અંગે સવાલો ઉભા થયા છે. પગાર મોડો થવાના કારણે ઘણા શિક્ષકોના હોમલોન, કાર લોન અને અન્ય બેંક હપ્તાઓ સમયસર ભરાઈ શકતા નથી. જેના કારણે દંડ, વધારાના વ્યાજ અને આર્થિક દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક શિક્ષકો આર્થિક મુશ્કેલીઓ સામે માનસિક તણાવ પણ અનુભવી રહ્યા છે. શિક્ષકો માત્ર વર્ગ ખંડમાં ભણાવવાની જ કામગીરી કરતા નથી પરંતુ તેમને વિવિધ સરકારી યોજનાઓ, ડેટાએન્ટ્રી, સર્વે કામગીરી, વસ્તી ગણતરી, મધ્યાહન ભોજન વ્યવસ્થા અને ચુંટણી સંબંધિત જવાબદારીઓ પણ સોંપવામાં આવે છે. બિન શૈક્ષણિક કામગીરીના વધતા ભાર વચ્ચે પગાર વિલંબની સમસ્યાએ શિક્ષક વર્ગ માં અસંતોષ વધાર્યો છે. શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા વર્ગોનુ માનવુ છે કે શિક્ષકોને સમયસર વેતન મળે તે માટે રાજય સરકાર અને શિક્ષણ વિભાગે તાત્કાલીક પગલા લેવા જરૂરી છે. કારણ કે શિક્ષકોની આર્થિક સ્થિરતા અને માનસિક શાંતિ સીધી રીતે શિક્ષણની ગુણવત્તા સાથે જોડાયેલી છે. હાલ શિક્ષક સંગઠનો અને શિક્ષણ જગતમાં આ મુદ્દે ચર્ચા તેજ બની છે અને વેતન ચુકવણીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ ઉઠી રહી છે.